

# આત્મધર્મ

[૪૫૩]

વર્ષ : ૩૮ :: જુલાઈ ૧૯૮૧ :: અંક : ૧

# * વૈરાગ્ય ને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ *

## મુનિમુદ્રાની વીતરાગતા દેખીને મનોદયાના મોહને તોડતા કુમાર વજ્રબાહુ

મુનિસુવ્રતનાથકે અંતરાલ વિષે યા ક્ષેત્રમેં અયોધ્યા નગરી વિષે એક વિજય નામા રાજા ભયા, મહા શૂરવીર પ્રતાપકરિ સંયુક્ત, પ્રજાકે પાલન વિષે પ્રવિણ, જીતે હૈ સમસ્ત શત્રુ જાને, તાકે હેમચૂલની નામા પટરાની, તાકે મહાગુણવાન સુરેદ્રન્મન્યુ નામા પુત્ર ભયા. તાકે કીર્તિસમા નામા રાજા, તાકે દોય પુત્ર ભયે—એક વજ્રબાહુ દૂજા પુરંદર. ચંદ્ર-સૂર્ય સમાન હૈ ક્રાંતિ જાકી, મહાગુણવાન અર્થસંયુક્ત હૈ નામ જિનકે, વે દોઉ ભાઈ પૃથ્વી વિષે સુખસૂં રમતે ભયે.

અથાનંતર હસ્તિનાપુરમેં એક રાજા ઇંદ્રવાહન તાકે રાણી ચૂડામણી તાકે પુત્રી મનોદયા અતિ સુન્દરી સો વજ્રબાહુકુમારને પરણી. સો કન્યાકા ભાઈ ઉદયસુન્દર બહિનકે લેનેકૂં આયા સો વજ્રબાહુકુમારકા સ્ત્રીસૂં અતિ પ્રેમ થા, સ્ત્રી અતિ સુન્દરી સો કુમાર સ્ત્રી કે લાર સાસરે ચાલે. માર્ગ વિષે વસંતકા સમય થા ઔર વસંતગિરિ પર્વતકે સમીપ જાય નિકસે. જ્યોં જ્યોં વહ પહાડ નિકટ આવે ત્યોં ત્યો ઉસકી પરમ શોભા દેખકર કુમાર અતિ હર્ષકૂં પ્રાપ્ત ભયે. પુષ્પનિકી જો મકરંદતા ઉસસે મિલી સુગંધ પવનસો કુમારકે શરીરસે સ્પર્શી તાકિર ઐસા સુખ ભયા જૈસા બહુત દિનેકે બિછુરે મિત્રસોં મિલે સુખ હોય. કોકિલનિકે શબ્દનિકરિ અતિ હર્ષિત ભયા. જૈસે જીતકા શબ્દ સુન હર્ષ હોય. પવનસે હાલે હૈં વૃક્ષોંકે અગ્રભાગ સો માનોં વજ્રબાહુકા સન્માન હી કરે હૈં ઔર ભ્રમર ગુંજાર કરે હૈં સો માનો બીણા કા નાદ હી હોય હૈ. વજ્રબાહુકા મન પ્રસન્ન ભયા.

પહાડકી શોભા દેખતે દેખતે રાજકુમારકી દૃષ્ટિ મુનિરાજ પર પડી. અર વિચારતા ભયા કિ યહ થંભ હૈ અથવા પર્વતકા શિખર હૈ અથવા મુનિરાજ હૈ? કાયોત્સર્ગ ધર ખડે જો મુનિ તિનવિષે વજ્રબાહુ કા ઐસા વિચાર ભયા, કૈસે હૈં મુનિ જિનકો ઠૂંઠ જાનકર જિનકે શરીરસે મૃગ ખાજ ખુજાવે હૈ, જબ નૃપ નિકટ ગયા તબ નિશ્ચય ભયા કિ જો યે મહાયોગીશ્વર વિદેહ અવસ્થાકો ધરે કાયોત્સર્ગ ધ્યાન ધરે સ્થિર રૂપ ખડે હૈ, સૂર્ય કી કિરણનિકરિ સ્પર્શા હૈ મુખ કમલ જિનકા ઔર મહાસર્પકે ફેણ સમાન દેદીપ્યમાન ભુજાઓંકો લંબાય ઊભે હૈ સુમેરૂકા જો તટ ઉસ સમાન હૈ વક્ષસ્થલ જિનકા ઔર દિગ્ગજોકે બાંધને કે થંભ તિન સમાન અચલ હૈ જંઘા જિનકી, તપસે ક્ષીણ શરીર હૈ પરન્તુ કાંતિ સે પુષ્ટ દીખે હૈં, નાસિકાકે અગ્રભાગવિષે લગાએ હૈ નિશ્ચલ સૌમ્ય નેત્ર

[ અનુસંધાન પાનું ૧૯ ]

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૧
[ ૪૫૩ ]




વીર
સંવત
૨૫૦૭
A.D. 1981
JULY

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

શ્રી ગુરુનો કોલકરાર :

## પરમાત્મસ્વરૂપની દૃષ્ટિ કર, જરૂર પરમાત્મા થઈ જઈશ.

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૮-૬-૬૬ ]

આ યોગસાર ચાલે છે, તેમાં છઠ્ઠી ગાથા ચાલી. ત્રણ પ્રકારના આત્માનું વર્ણન ચાલ્યું; પરમાત્મા, અંતરાત્મા ને બહિરાત્મા. જોકે પરમાત્મામાં અંદર શક્તિમાં ભૂત-નૈગમનયથી અંતરાત્મા ને બહિરાત્મા તો છે પણ આ તો પ્રગટ પર્યાયની વાત છે. પરમાત્માનું સ્વરૂપ જાણીને અંતરાત્મા થઈને બહિરાત્મપણું છોડીને પરમાત્માનું ધ્યાન કરવું એ ગાથાનો સાર છે. ત્રણ પ્રકારની પર્યાય બતાવીને હેતું શું ? – કે દરેક જીવમાં ત્રણ પ્રકારની શક્તિ પડી છે. તેમાંથી પરમાત્માનું સ્વરૂપ જાણી અંતરાત્મા થઈ બહિરાત્મપણું છોડી પરમાત્માનું ધ્યાન કરવું તે હેતુ છે, તે સાર છે. હવે સાતમી ગાથા કહે છે :

મિથ્યા મતિથી મોહીજન, જાણે નહીં પરમાત્મ;
તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર. ૭.

### * બહિરાત્માનું સ્વરૂપ *

મિથ્યાદર્શનથી મોહી થયેલો જીવ, રાગને પોતાનું સ્વરૂપ માને પાપના ફળને પોતાનું માને પાપના ફળમાં દુઃખી છું એમ માને, જ્ઞાનના ક્ષયોપશમથી થોડો વિકાસ થયો ત્યાં હું પંડિત છું એમ માને–એ બધા મિથ્યાદર્શનને લઈને મોહિત થયેલા જીવો છે. મારું સ્વરૂપ એક સમયમાં ત્રિકાળ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે–એનો આશ્રય કરતો નથી ને મિથ્યાશ્રદ્ધા દ્વારા કર્મના

ઉદયથી મળેલી બાહ્ય ને અભ્યંતર સામગ્રીમાં હું પણું સ્વીકારતો, એમાં હું છું, એ મારા છે એમ માનતો થકો મિથ્યાત્વથી મોહિત થયેલો પરમાત્માને નથી જાણતો. પોતાનું સ્વરૂપ જે અનંત જ્ઞાન, દર્શન ને આનંદ આદિની સમૃદ્ધિવાળું છે તેને તે જાણતો નથી, ફક્ત બહારની અલ્પજ્ઞ અવસ્થા, રાગની અવસ્થા અને બહારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગના અસ્તિત્વના સ્વીકારવામાં તેની દૃષ્ટિ પડી છે.

પોતે અનંત લક્ષ્મીવાળો છે તેને ભૂલીને, થોડા પૈસાવાળો થાય ત્યાં હું પૈસાવાળો એમ મૂઢ થઈને મફતનો માને છે. કર્મના લઈને મોહ્યો છે એમ નથી, પણ પોતાનું સ્વરૂપ જે અનાકુળ આનંદ એને સ્પર્શ્યા વિના અડયા વિના, કર્મજન્ય સામગ્રી છે તેમાં—અનંત પ્રકારની બાહ્ય ચીજો તથા અસંખ્ય પ્રકારના શુભાશુભ રાગ એ બધા કર્મના ફળનું સામ્રાજ્ય છે તેમાં—હું પણાની દૃષ્ટિ છે તે મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી છે.

પરીક્ષામાં પાસ થાય ત્યાં હું પાસ થયો! પણ એ તો કર્મની સામગ્રીનું ફળ છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. પણ મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી એમાં ખુશી થાય છે, એને જ પોતાનું સ્વરૂપ માને છે. ભગવાન પૂર્ણાનંદ, એક સમયમાં અનંત સમૃદ્ધિનું પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા છે, તેને ન માનતાં, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ એક સમયની અલ્પજ્ઞતાને, વિકારને ને બાહ્ય સંયોગને પોતાના માને છે. પરમાત્માને જાણતો નથી ને બાહ્ય ચીજને પોતાની માને છે તે બહિરાત્મા છે.

જેમ દારૂ પીવાથી જે બધી ચેષ્ટાઓ થાય તેને તે પોતાની માને, તેમ કર્મના સંયોગથી થયેલી ચેષ્ટાઓ—વિકાર અને પર તે બધાને મિથ્યાત્વના દારૂને લઈને તે પોતાની માને છે. ભગવાન આત્મા તો જ્ઞાન-દર્શન-આનંદનું ધામ છે. પૂરણ જ્ઞાન, દર્શન આનંદનું ધામ છે—એવા આત્માને ન શ્રદ્ધતો, એવડી મોટી સત્તાને ન સ્વીકારતો અલ્પ અવસ્થાને ને બાહ્યચીજને માનતો થકો મિથ્યાદર્શનથી મોહિત થઈને ત્યાં પડયો છે તે બહિરાત્મા છે. અંતર સ્વભાવની પ્રતીત નથી ને બાહ્યની પ્રતીત છે તેને બહિરાત્મા કહે છે.

અંતર સ્વભાવ મહાન પરમાત્મસ્વરૂપ છે, એની શ્રદ્ધા ને જ્ઞાન કરતો નથી, પોતાના પરમાત્મ-ધ્રુવસ્વરૂપને જાણતો નથી ને મિથ્યાદર્શનથી બાહ્યમાં મોહિત થયો છે તેને ભગવાને બહિરાત્મા કહ્યો છે. પુણ્યની ને પાપની સામગ્રી ઓછી-વધતી મળે, અંદર શુભાશુભભાવ ઓછા-વધતા થાય, પરના પક્ષે જ્ઞાનનો ઓછા-વધતો ઉઘાડ થાય, એને જ આત્મા માને છે પણ અંદમાં પોતાના પરિપૂર્ણ પરમેશ્વર પરમાત્મસ્વરૂપને સ્વીકારતો નથી, આદર કરતો નથી, વલણ કરતો નથી તે બહિરાત્મા છે. તે બહિરાત્મા વારંવાર ફરીને સંસારમાં ભમશે. અનંત કાળથી તો ભમ્યો છે ને એ બહિર-બુદ્ધિથી ફરી ફરીને સંસારમાં રખડશે.

આત્મામાં એક કોર પરમાત્માનો પિંડલો દ્રવ્યવસ્તુ છે પોતે, ને એકકોર એની વર્તમાન દશામાં અલ્પજ્ઞતા, અલ્પદર્શન, અલ્પવીર્ય, વિપરીતતા, સંયોગની અનુકૂળતા-

પ્રતિકૂળતા છે; પોતાને માનતો નથી તેથી આ બધાને પોતાના માને છે તેનું નામ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા કહેવામાં આવે છે. એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ ફરી ફરીને ચાર ગતિમાં રખડવાના ભાવવાળો છે. ૭.

હવે આઠમો શ્લોક કહે છે:—

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. ૮.

## * અંતરાત્માનું સ્વરૂપ *

જે કોઈ પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે ને તેનાથી ભિન્ન અલ્પ જ્ઞાનને, રાગદ્વેષને, પરને જાણે—ભલી રીતે જાણે પોતાથી ભિન્નપણે જાણે તે પરભાવને ત્યાગ છે, અને તેને પંડિત કહે છે, શૂરવીર કહે છે. જેણે આત્માના પૂરણ અખંડાનંદ સ્વરૂપને જાણ્યું ને તેનાથી ભિન્ન વિકારને ને પરચીજને 'આ છે' એમ જાણીને એની વચ્ચે ભેદ-વિજ્ઞાન થયું છે તે પોતાના શુદ્ધસ્વભાવના આશ્રયથી પરભાવનો આશ્રય કરતો નથી એટલે કે તે પરભાવને છોડે છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ છોડે છે તેમ કહ્યું!

ઓછું જ્ઞાન હોય કે વધારે જ્ઞાન હોય તેની સાથે સંબંધ નથી, અંતર પરમાત્માના સ્વરૂપને જાણતો, પર આદિના સ્વરૂપને જાણતો, સ્વભાવનો આશ્રય કરે છે ને વિકારને છોડે છે તેને પંડિત કહેવામાં આવે છે. અગિયાર અંગ ભણ્યો હોય કે ન ભણ્યો હોય, પ્રશ્નોતર દેતાં આવડે કે ન આવડે તેની સાથે કાંઈ સંબંધ નથી. ફક્ત ચૈતન્યાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ મારો આત્મા તેને જાણ્યો ને તેનાથી વિપરીત જેટલા પુણ્ય-પાપના ભાવો, કર્મની સામગ્રી આદિને જાણ્યા કે તે પર છે, તે સ્વભાવનો આદર કરે છે ને પરનો આદર કરતો નથી માટે તેણે દૃષ્ટિમાં પરભાવોને છોડ્યા છે. આનું નામ ત્યાગ છે. આ ત્યાગ વિના ત્યાગ આગળ વધે નહીં. અંતર સ્વભાવના આશ્રય ને આલંબન વિના પરના રાગનો ત્યાગ થાય નહીં ને એ રાગના ત્યાગ વિના બીજો ત્યાગ સાચો હોય નહીં.

અંતરાત્માને પંડિત, શૂરવીર, વીર, ભેદજ્ઞાની, લઘુનંદન—પરમાત્માનો લઘુનંદન કહેવાય છે. એ લઘુનંદન શું કરે છે?—કે પોતાના પૂરણ શુદ્ધ સ્વરૂપને જાણ્યું ને અનુભવ્યું કે આજ આત્મા અને એના સિવાય શુભાશુભ પરિણામ તે પરભાવ છે એમ દૃષ્ટિમાંથી છૂટી ગયા છે. દૃષ્ટિમાં ત્રિકાળ સ્વભાવનો આદર વર્તે છે ને પરભાવોનો ત્યાગ વર્તે છે. આને પરભાવનો ત્યાગ ને ખરેખરો ત્યાગી કહેવામાં આવે છે.

અંદરમાં જતાં રાગાદિનો આદર વર્તે છે તેને તો બધું—આખો સંસાર ગ્રહણપણે પડ્યો છે, તેને અંશે પણ રાગનો ત્યાગ નથી. પૂર્ણાનંદ પ્રભુ અનંતગુણની ગાંઠડી એવા આત્માનો શ્રદ્ધામાં આદર છે ને વેદન છે કે આ આત્મા તે જ હું એમ જેને સ્વભાવનું

ગ્રહણ વર્તે છે તેને પંડિત, જ્ઞાની ને અંતરાત્મા કહેવાય છે. ભલે પછી તેને બહારમાં છ-ખંડના રાજ્ય હોય, ૯૬ હજાર સ્ત્રી હોય, ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગરી આદિ સામગ્રી હોય—પણ એ સામગ્રી જ્યાં પર તરીકે દૃષ્ટિમાં આવી, તેના તરફના વલણનો રાગ પણ પર છે, મારા સ્વભાવમાં તે નથી—એમ જ્યાં દૃષ્ટિમાં આવ્યું તેને તો દૃષ્ટિમાં બધો ત્યાગ જ છે. છ ખંડના રાગનો દૃષ્ટિમાં ત્યાગ છે. સમ્યગ્દૃષ્ટિને ઇન્દ્રના ઇન્દ્રાસનનો દૃષ્ટિમાં ત્યાગ વર્તે છે અને આખો આત્મા પૂરણ સ્વરૂપ છે તેને જાણતો થકો તેનો આદર વર્તે છે.

બહિરાત્માને એક લંગોટી પણ બહારમાં ન હોય, નગ્ન દશા હોય પણ અંદરમાં પૂર્ણાનંદના નાથનો આદર નથી ને રાગના કણનો આદર છે તેને શ્રદ્ધામાં આખા ચૌદ બ્રહ્માંડનો આદર છે, તેને બાહ્યત્યાગ દેખાવા છતાં જરીયે ત્યાગ નથી, કેમકે તેને પરભાવ છૂટયા જ નથી, સ્વભાવને જાણ્યા વિના આ પરભાવ ભિન્ન છે—એમ પરભાવ શી રીતે છૂટે? પોષા, પ્રતિક્રમણમાં સામાયિકના નામ ધરાવીને બેઠો પણ પૂરણ શુદ્ધ સ્વરૂપ અખંડ આત્માનો અંદર શ્રદ્ધામાં આદર નથી ત્યાં તેને દયા-દાન આદિ વિકલ્પ ઊઠે એ પરનો જ એકલો આદર વર્તે છે તેથી તેને એકલો પરમાત્માનો જ ત્યાગ વર્તે છે, તેને પરમસ્વભાવનો ત્યાગ વર્તે છે.

જ્ઞાનીને ચક્રવર્તીનું રાજ્ય હો કે ઇન્દ્રના ઇન્દ્રાસન હો, પણ અંતરમાં સ્વભાવની અધિકતાની મહિમામાં બહારના પદાર્થો ને તેના કારણે શુભાશુભભાવ તે બધાનો દૃષ્ટિમાં ત્યાગ છે. તેથી તે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવથી લાભ માનતો નથી. જે ભાવનો દૃષ્ટિમાં ત્યાગ વર્તે છે તેનાથી લાભ માને શી રીતે? સ્વરૂપમાં એકાગ્ર થઈશ તો લાભ થશે એમ માને છે.

દ્રવ્યલિંગી નગ્ન મુનિ થઈને બેઠો હોય છતાં એક અંશનો પણ ત્યાગ નથી. તેને ત્યાગ હોય તો અંદર એક માત્ર પરમાત્માનો ત્યાગ છે, તેને ચૌદ બ્રહ્માંડનો ભોગ છે. રાગના એક કણનો આદર છે તેને આખા ચૌદ બ્રહ્માંડનો ભોગ છે.—આવી વસ્તુસ્થિતિ છે બાપુ!

પરભાવને જે દૃષ્ટિમાંથી છોડે છે, શ્રદ્ધામાં આત્મસ્વરૂપ પકડીને જ્ઞાનમાં આત્માને પ્રત્યક્ષ કર્યો છે તે અંતરાત્મા સંસારથી છૂટી જશે. બહિરાત્મા બાહ્ય ચીજને—કર્મની સામગ્રીને પોતાની માને છે તે સંસારમાં રખડશે કારણ કે તેની દૃષ્ટિમાંથી સ્વભાવની અધિકતા છૂટી ગઈ છે, ને બહારની અધિકતા દૃષ્ટિમાંથી જતી નથી તેથી તે નવા કર્મો બાંધશે ને ચાર ગતિમાં રખડશે. અંતરાત્મા તો શુભાશુભ રાગના અભાવસ્વભાવ સ્વરૂપ પૂરણ જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરતો થકો—ચોથા ગુણસ્થાનથી આત્માનો અનુભવ કરતો થકો 'પ્રગટ લહે ભવપાર' શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ કરનાર, પરભાવનો ત્યાગ કરનાર ક્રમે ક્રમે સંસારને મૂકી દેશે, તેને સંસાર રહેશે નહીં—એવા જીવને પંડિત, જ્ઞાની, વીર ને શૂરવીર કહેવામાં આવે છે. ૮.

હવે ૯ મો શ્લોક કહે છે:—

નિર્મળ, નિકલ, જિનેન્દ્ર, શિવ, સિદ્ધ, વિષ્ણુ, બુદ્ધ, શાંત;
તે પરમાત્મા જિન કહે, જાણો થઈ નિર્ભ્રાન્ત. ૯

## ❋ પરમાત્માનું સ્વરૂપ ❋

બહિરાત્મા ને અંતરાત્માનું સ્વરૂપ કહીને હવે પરમાત્માનું સ્વરૂપ કહે છે. રાગ-દ્વેષના ભાવ રહિત પરમાત્મા છે. અંતરાત્માને રાગ-દ્વેષ ભિન્ન પડયા હતા પણ છૂટયા ન હતા, દૃષ્ટિમાંથી એકત્વબુદ્ધિમાંથી રાગ-દ્વેષ છૂટયા હતા પણ સ્થિરતા દ્વારા પૂરણ છૂટયા ન હતા. એ રાગાદિ મળ પરમાત્માને પૂરણ છૂટી ગયા છે, આઠ કર્મના રજકણને ને પુણ્ય-પાપના મલિનભાવને પરમાત્માએ છોડયા છે.

નિકલ જેને કલ-શરીર નથી તેને પરમાત્મા કહેવાય છે. વૈકુંઠમાં જઈને ભગવાનની સેવા-ચાકરી કરે એમ કહે છે ને? પણ ભગવાનને શરીર જ હોતું નથી. પરમાત્મા તો એને કહીયે કે જેને શરીર નથી, રાગ નથી, જે શુદ્ધ અભેદ એક છે, તેમને અશુદ્ધતા નથી, બેપણું નથી. પહેલા કર્મરૂપી શત્રુ હતા તેને જીત્યા માટે જિનેન્દ્ર છે. આવા સિદ્ધ ભગવાને વિષ્ણુ કહીયે. જગતને રચે તે વિષ્ણુ નથી. ભગવાન પરમાત્મા એક સમયના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જ્ઞાતા તરીકે જાણે, એક સમયમાં યુગપત્ જાણે, એક સમયમાં પૂરું જાણે માટે તેને વિષ્ણુ કહે છે.

ભગવાનના જ્ઞાનમાં ભૂત-ભવિષ્ય ને વર્તમાન ત્રણ કાળ જણાયા છે. આવડી સર્વજ્ઞદશા!—એમ સ્વીકારવા જાય ત્યારે દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ પડયા વિના એનો સ્વીકાર નહીં થાય. ભગવાનનો એક સમયનો એક પર્યાય આવડો કે ત્રણકાળ ત્રણલોકને યુગપતપણે જાણે—એવા જ્ઞાનનો સ્વીકાર શું રાગથી કરી શકે? રાગના આશ્રયે સ્વીકાર થાય? પર્યાયથી સ્વીકાર થાય પણ એ પર્યાયના આશ્રયે શું સ્વીકાર થાય? સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ તેનો આશ્રય લીધા વિના પર્યાયમાં સર્વજ્ઞપણાનો નિર્ણય ન થાય. સર્વજ્ઞસ્વભાવી આત્મ-સ્વરૂપનો નિર્ણય થતાં તેને ક્રમબદ્ધનો નિર્ણય થઈ જશે ને વીતરાગી પર્યાય પણ થઈ જશે. એનું નામ જ પુરુષાર્થ છે. પુરુષાર્થ એટલે કાંઈ ખોદવું છે? અંતરની દશા કર્તૃત્વમાં હતી તે અંતરમાં અકર્તૃત્વમાં ગઈ એ પુરુષાર્થ છે.

ભગવાનને વિષ્ણુ કહેવામાં આવે છે. વિષ્ણુ એટલે પરમાત્મા એમ નહીં પણ પરમાત્માને વિષ્ણુ કહેવામાં આવે છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે તેને વિષ્ણુ કહેવામાં આવે છે, એ સિવાય જગતનો કર્તા-હર્તા બીજો કોઈ વિષ્ણુ છે નહીં. સ્વ-પર

તત્ત્વનો ભેદ પાડીને જાણે તેને બુદ્ધ કહીયે. સર્વજ્ઞ પરમાત્મા પોતાના સ્વરૂપને પૂરણ જાણે ને લોકાલોકને પણ જાણે—એ સ્વપરને જાણનારા સર્વજ્ઞદેવને બુદ્ધ કહેવાય છે. એકલા ક્ષણિકને જાણે તે બુદ્ધ નથી.

આવા પરમેશ્વરને શિવ કહેવાય. પોતાનું પૂરણ કલ્યાણ સ્વરૂપ પ્રગટ કર્યું છે માટે તેને કલ્યાણ કરનારા શિવ કહેવાય છે. શાંત, વીતરાગ, પરમશાંતધારા પરમાત્માને પરિણમી ગઈ છે માટે તેને શાંત કહે છે. અકષાય સ્વભાવે પરિણમીને વીતરાગ દશાએ પરિણમી ગયા તેને શાંત કહીયે, તેને પરમાત્મા કહીયે.—એમ જિનેન્દ્રદેવે કહ્યું છે, માટે તું ભ્રાંતિ રહિતપણે થઈને આવા પરમાત્માને જાણ. તારે જો આવા પરમાત્મા થવું હોય તો તું તારા પરમાત્મસ્વરૂપને જાણ ને રાગ-દ્વેષને છોડ. પરમાત્મસ્વરૂપ તો તારી શક્તિમાં પડ્યું જ છે તેને જાણ ને રાગ-દ્વેષને છોડ.

આવા પરમાત્મા છે એમ ભગવાને કહ્યું છે માટે તું ભ્રાંતિ રહિતપણે જાણ. તું નિભ્રાંતિ થઈ જા, નિઃસંદેહ થઈ જા, નિઃશંક થઈ જા કે આ સિવાય કોઈ સાચા પરમાત્મા હોઈ શકે નહીં. (-ક્રમશઃ)

## હે સિદ્ધ ભગવાન! મારા આત્મામાં બિરાજો...

સિદ્ધદશાને સાધવા નીકળેલા સાધક જીવ પોતાના મોક્ષના માંડવે ભગવાનને ઉતારતાં કહે છે કે : હે સિદ્ધ ભગવાન! મારા આત્મામાં બિરાજો.... હું મારા આત્મામાં સિદ્ધપણું સ્થાપું છું....દ્રવ્યદૃષ્ટિથી જેણે પોતાના આત્માને સિદ્ધ સમાન પ્રતીતમાં લીધો તેણે આત્મામાં સિદ્ધપણું સ્થાપ્યું....તેના આંગણે મોક્ષના માંડવા નંખાયા....હવે અલ્પકાળમાં તેને સિદ્ધદશા થયા વિના રહેશે નહીં.

## જાણનાર જ જણાય છે

જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાળગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં, રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાની તો-'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની અવસ્થામાં (જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

## શુદ્ધાત્મ-અવલોકન 卐 जाण अलिंगग्गहणम् ।

[ શ્રી સમયસાર ગાથા-૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ તા. ૧૮-૧-૭૮ ]

અવ્યક્તનો આ પહેલો બોલ ચાલે છે, સૂક્ષ્મ છે પણ સમજવા લાયક ચીજ છે. આ આત્મા અવ્યક્ત છે તે જ ઉપાદેય છે. અંતરમાં અવ્યક્ત જે શુદ્ધ સ્વરૂપ એકરૂપ અભેદ છે તે જ જીવ છે—આત્મા છે, તે આત્મા જ અંતરમાં ઉપાદેય છે, આદર કરવાલાયક છે, સમ્યગ્દૃષ્ટિને એ સિવાય બીજી કોઈ ચીજ આદર કરવાલાયક નથી. અવ્યક્ત વિશેષણ કહીને જીવનું તે વિશેષણ છે એમ કહે છે.

ગાથા જે કહી છે તેમાં जाण अव्वत्तं जीवम् એમ અહીં સંધિપૂર્વક સમજવું. ભગવાન કુંદકુંદાચાર્ય મહા સંત હતા, તેમને આત્માનાં પ્રચુર અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન હતું. તે મુનિ એમ કહે છે કે જીવને અમે અવ્યક્ત કહીએ છીએ. જીવ અવ્યક્ત છે તેમ જાણ. ભગવાન આત્માને અવ્યક્ત કહીને તેને જ જીવ કહ્યો છે, અવ્યક્ત કહીને તેને ઉપાદેય અને સૂક્ષ્મ કહ્યો છે. શ્રી જયસેનાચાર્યદેવે સંસ્કૃત ટીકામાં અવ્યક્તનો અર્થ સૂક્ષ્મ કર્યો છે.

પુણ્ય ને પાપ, દયા-દાન વ્યવહારરત્યનત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર અનંત સિદ્ધભગવંતો, અનંત પંચપરમેષ્ઠી, અનંત નિગોદના જીવો—એ છ દ્રવ્યસ્વરૂપ જગત છે તે જ્ઞેય છે, જાણવાલાયક છે. શ્રી સમયસાર શાસ્ત્રની ૧૧મી ગાથામાં ભૂતાર્થ સત્યાર્થ કહ્યો છે તેને અહીં અવ્યક્ત કહેવામાં આવ્યો છે. જે ત્રિકાળી શુદ્ધ-ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે તેને ભૂતાર્થ-સત્ય કહ્યો તે જ આશ્રય કરવા લાયક છે. આ તો હજુ પ્રથમ સમ્યગ્દર્શનની સૂક્ષ્મ વાત ચાલે છે. તે સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર, વ્રત એકડા વગરના મીંડા સમાન છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ જીવને કહે છે કે જીવ તું અવ્યક્ત છો તેને તું જાણ. જાણે છે તે પર્યાય છે પણ તે કોને જાણે છે?—કે અવ્યક્તને જાણે છે. આ જીવ છે તે શુદ્ધ ચિદ્દઘન, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત ઈશ્વરતા સ્વચ્છતા, અનંત કર્તૃત્વ, અનંત કર્મ-કાર્ય, અનંત સાધન—એવા અનંત અનંત ગુણનું એકરૂપ ધ્રુવસ્વરૂપ છે તે જીવ છે તેને અહીં અવ્યક્ત કહ્યો છે અને અહીં અજીવ-અધિકારમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તેને વ્યક્ત અને અજીવ કહ્યો, જ્ઞેય કહ્યો તથા તેને જાણવાવાળો વ્યક્તને જાણવાવાળો અવ્યક્ત તેને જ્ઞાયક કહ્યો. આહાહા! વાત ઘણી સૂક્ષ્મ છે. જિનેન્દ્રદેવ, તીર્થંકર પરમાત્મા, ત્રિલોકનાથ વીતરાગદેવની વાત ઘણી સૂક્ષ્મ છે. સર્વ શાસ્ત્રનો સાર-તાત્પર્ય તો વીતરાગતા છે, તો તે વીતરાગતા ક્યારે થાય?

-કે પોતાની પૂર્ણ ધ્રુવ વસ્તુ છે તેનો આશ્રય લે અને પરનો-પર્યાયનો આશ્રય છોડી દે તો વીતરાગતા થાય છે અને તે ચારે અનુયોગમાં કહેવાનું તાત્પર્ય તે સમજ્યો છે. પ્રભુ! તું અવ્યક્ત છો તેને જાણ!-તો તને વીતરાગતા ઉત્પન્ન થશે.

ભગવાન! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી તું ભરચક ભર્યો છો તેની તને ખબર નથી. આચાર્યદેવને કરુણાનો વિકલ્પ આવ્યો છે, તેને તો તે જાણે છે, પણ આ જે ટીકા થાય છે તેને પણ તે પરજ્ઞેય તરીકે જાણે છે. શ્રી સમયસાર શાસ્ત્રની ૫ મી ગાથામાં કહ્યું છે કે ભગવાન મહાવીર પરમાત્મા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. વિજ્ઞાનઘન તે વસ્તુ છે ને નિમગ્ન વિશેષ મગ્ન હતા તે પર્યાય છે. વિજ્ઞાનઘનમાં નિમગ્ન એવા પરમાત્મથી માંડીને ગણધરદેવ અને અમારા ગુરુપર્યંત બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા—એમ શ્રી કુંદકુંદાચાર્યદેવે કહે છે. આમ અરિહંતભગવાનની સાથે પોતાના ગુરુપર્યંત પરંપરા લગાડી દીધી છે. કોઈ કહે કે ભગવાન્! તમે તો પંચમકાળમાં થયા છો ને! તમે તો ભગવાન પાસે પણ ગયા હતા અને તમારા ગુરુ તો ભગવાન પાસે પણ નહોતો ગયા; તમે તો છદ્મસ્થ છો તો આવી સૂક્ષ્મદશા કેવી રીતે જાણી લીધી?—તો કહે છે કે અમે અમારા ગુરુને જાણીએ છીએ ને તેમની પરંપરાને પણ બરાબર જાણીએ છીએ, તેઓ વિજ્ઞાનઘન, ચૈતન્યપિંડ, આનંદકંદ, અનાકુળ આનંદ, અકષાય શાંતિ, સ્વભાવનો રસકંદ એવા આત્મામાં નિમગ્ન-વિશેષ મગ્ન હતા. એવા ગુરુએ અમને ઉપકાર કરીને-મહેરબાની કરીને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો છે. છ દ્રવ્ય આદિનો ઉપદેશ આપ્યો છે પણ તેમાં શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એમ બતાવ્યું છે. શુદ્ધ ચૈતન્યઘન છે તેમાં દૃષ્ટિ કરવાથી અમારી વર્તમાન પર્યાયમાં શુદ્ધ આનંદકંદની દશાનો ભાવ પ્રગટ થયો છે, પ્રચુર સ્વસંવેદનરૂપ અમારો નિજવૈભવ પ્રગટ થયો છે. એમ અમારા ગુરુ અને અમે વિજ્ઞાનઘનમાં-એકલા જ્ઞાનમાં નહિ પણ વિજ્ઞાનમાં અને એકલી પર્યાયમાં નહિ પણ ઘનમાં—નિમગ્ન છીએ, અને તેનાથી અમારો જિનવૈભવ પ્રગટ થયો છે. નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે તે અમારો નિજવૈભવ નથી અને તેમાં અમે મગ્ન નથી.

અહીં કહે છે કે જીવ જે છે તે અવ્યક્ત છે. અમારો જીવ છે તેની અપેક્ષાએ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે આ જીવ નથી તેથી તે અપેક્ષાએ બધા અજીવ છે. દરેક આત્મા પોતાની અપેક્ષાથી છે અને પરની અપેક્ષાથી નથી; અને પર પરની અપેક્ષાથી છે અને આની અપેક્ષાથી નથી. હે જીવ! છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે તેનાથી તું ભિન્ન છો, અને તે છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે વ્યક્ત છે, બાહ્ય છે, પ્રગટ છે અને તું અંતરમાં સૂક્ષ્મ છો, અવ્યક્ત છો તેને તું જાણ. જાણવું તે પર્યાય છે. દરેકમાં જાણ એમ કહ્યું છે. अरसं जाण, अरूवं जाण, अव्यक्तं जाण, अनिर्दिष्ट जाण. તારો આત્મા જ્યારે અવ્યક્ત છે,

બાહ્યમાં નથી તો તે હિસાબે સર્વજ્ઞ ભગવાનને પંચપરમેષ્ઠી આદિ બધા બાહ્ય વ્યક્ત છે, જ્ઞેય છે, તેનાથી જીવ અન્ય છે તેને તું ઉપાદેય જાણ અને એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. જીવથી તે બધા અન્ય છે એમ કહેતાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દયા-દાનના ભાવ જે આવે છે તેનાથી જીવ ભિન્ન-અન્ય છે, અને જીવથી એ બધા ભિન્ન છે. અહીં વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહેનારનો નિષેધ થઈ જાય છે, અને નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એનો પણ નિષેધ થઈ ગયો. નિમિત્ત અને વ્યવહાર તો જ્ઞેય અને વ્યક્ત છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે अव्वत्तं जीवम् जाण। અવ્યક્તનો અર્થ સંસ્કૃત ટીકામાં સૂક્ષ્મ કર્યો છે, આ બીજું બધું બાહ્ય સ્થૂળ છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, તેનાથી પણ ત્રિકાળી આત્મા સૂક્ષ્મ છે. શ્રી નિયમસારમાં પર્યાયને નિશ્ચયથી પરદ્રવ્ય કહી છે. આહાહા! શું અદ્ભુત વાત આ ૪૯ ગાથામાં કહી છે. ભગવાનની વાણી અલૌકિક છે. આવી વાણી જિન વીતરાગ સિવાય-દિગંબર ધર્મ સિવાય ક્યાંય છે નહીં.

અહીં છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, તો દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જ્ઞેયમાં આવી ગયા, મારાપણામાં આવ્યા નહીં. પંચપરમેષ્ઠી મારા ઇષ્ટ છે એમ અહીં આવ્યું નહીં. પંચપરમેષ્ઠી પણ આત્માને માટે બાહ્ય ચીજ છે, જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી જીવ અન્ય છે અને જીવથી તે અન્ય છે તેથી તે કારણે જીવ અવ્યક્ત છે અને ઉપાદેય છે. અંદરમાં છ દ્રવ્ય ને રાગાદિ વિકલ્પથી ભિન્ન પૂર્ણ શુદ્ધ અવ્યક્ત ભગવાન અતીન્દ્રિય આનંદથી ને અતીન્દ્રિય જ્ઞાનથી ભરચક ભર્યો છે, અતીન્દ્રિય શાંતિથી ઠસોઠસ ભર્યો છે તે જ ઉપાદેય છે, તે જ જીવ છે, તે જ ધ્રુવ છે, તે જ એક દૃષ્ટિનો વિષય હોવાથી આદરવા લાયક છે.

આ તો ભગવત્સ્વરૂપ પરમાત્મા શું છે તેની કથા છે, આ ભાગવત કથા છે. અહીં ભગવાન કુંદકુંદાચાર્યે जाण કહીને આદેશ આપ્યો છે. પ્રભુ! તું અવ્યક્ત જીવને જાણ! એ જ ઉપાદેય છે, એ જ આત્મા છે અને તે જ અન્યથી ભિન્ન છે, અને તેને આદરણીય કરવાથી તારી પર્યાયમાં-અવસ્થામાં સમ્યગ્દર્શન-જ્ઞાન ને આનંદ થશે. આનું જ નામ ધર્મની શરૂઆત છે. આ વાત જે સામાન્યપણે કહી હતી તે હવે બીજા પાંચ બોલમાં વિશેષ કહે છે. પહેલા જે કહ્યું કે 'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે'—તેમાં કષાય આવી જાય છે અને વ્યક્ત છે તે પણ આવી જાય છે પણ સામાન્યજન તેને સ્પષ્ટ સમજી શકે નહિ તેથી બીજા બોલમાં સ્પષ્ટપણે સમજાવે છેઃ—

**કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે**
**તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૨.**

અહીં કષાયોનો સમૂહ કહેતાં એકલો કષાય નથી લીધો પણ સમૂહ લીધો છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિના જે ભાવ ઉત્પન્ન થાય એ અસંખ્ય પ્રકારના શુભકષાય

અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના અસંખ્ય પ્રકારના પાપના અશુભકષાય, એ બધા મળીને કષાયોનો સમૂહ કહ્યો છે. કષ્ = સંસાર, આય = લાભ. જેનાથી સંસારમાં રખડવાનો લાભ મળે તેને કષાય કહેવાય છે. અવ્યક્ત શુદ્ધ ઉપાદેય આત્માનો અનુભવ થઈને આનંદના સ્વાદમાં વીતરાગતા ઉગ્રપણે થાય, સમતાનો લાભ થાય તેનું નામ સામાયિક કહેવામાં આવે છે.

કર્મ છે તે ભાવક છે અને વિકારી કષાયસમૂહ તે ભાવકનું ભાવ્ય છે, તે આત્માનું ભાવ્ય નથી. ભલે દયાનો, દાનનો, વ્રતનો કે ભક્તિનો ભાવ હો તે બધાં ભાવકના ભાવ છે, ભાવક કર્મ જે મોહ તેનો ભાવ છે. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૩૨ ને ૩૩ માં ભાવ્ય-ભાવકની સ્પષ્ટતા આવી ગઈ છે. ત્યાં ભાવક તે મોહકર્મ છે અને તેને અનુસરીને થતો ભાવ્ય એટલે કે પોતાની પર્યાયનો વિકાર તે ભાવ્ય છે.

અહીં તો આચાર્યભગવાન સમુચ્ચય–ટૂંકમાં બધું સંકેલીને કહે છે કે તારી પર્યાયમાં જે પુણ્ય-પાપના અસંખ્યપ્રકારના ભાવ છે તે ભાવકનું ભાવ્ય–ભાવકભાવ છે. ગાથા ૩૩માં તેને ભાવ્ય કહીને ત્યાં તેની યોગ્યતા લીધી અને પછી તેનાથી પણ ભિન્ન બતાવ્યો હતો. ગાથા ૩૧માં રાગાદિ મારા છે, ઇન્દ્રિયના વિષય મારા છે, ભગવાન મારા છે, ભગવાનની વાણી મારી છે–એ બધું ઇન્દ્રિયના વિષયો છે તેને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે, એમાં એક દ્રવ્યમાં બીજા દ્રવ્યને ભેળવવું તે સંકરદોષ છે–એવા સંકરદોષનું નિવારણ કર્યું. પછી ગાથા ૩૨માં ભાવકભાવ્યને જિત્યો તે ઉપશમશ્રેણીની વાત કરી ને ૩૩માં ક્ષયની વાત કરી. ત્યાં ભાવકભાવ્ય લીધું છે. પર્યાયમાં વિકારની લાયકાત છે પણ ખરેખર દ્રવ્યસ્વભાવ વિકાર કરવાવાળો નથી. તેથી ત્યાં ભાવક કર્મનું ભાવ્ય–યોગ્યતા પર્યાયમાં લઈને તેનાથી ભિન્ન કરવાનું કહ્યું. અહીં તો પહેલેથી ભાવકનો ભાવ છે એમ લીધું છે.

મહાવિદેહક્ષેત્રમાં ભગવાન પરમાત્મા જિનેન્દ્રદેવ શ્રી સીમંધરભગવાન ઇન્દ્રો ગણધરોની સમક્ષમાં જે ફરમાવે છે તેમની વાણીનો સાર ત્યાંથી લાવીને ભગવાન કુંદકુંદાચાર્ય આપણને બતાવે છે. કષાયોનો સમૂહ કહીને એક જ કષાય છે–એમ નહીં પણ બધા વિકલ્પમાત્ર–જેમાં ગુણગુણીના ભેદનો વિકલ્પ ઊઠે તે પણ કષાયોના સમૂહમાં આવી જાય છે. દયા પાળવાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ–એ બધાં શુભરાગ તે બધાયે કષાયસમૂહમાં આવી જાય છે. કષાયોનો સમૂહ જે ભાવકભાવ છે જેમાં કર્મ જે પરચીજ છે તે ભાવક કહેવાય છે. ભાવને કરવાવાળું કર્મ છે તેથી તેને ભાવક કહેવાય છે, તે જ્ઞાયકભાવ નથી.

ભગવાન આત્મા તો જ્ઞાયકભાવ છે, જ્ઞાયકનો—જ્ઞાન કરવાવાળાનો ભાવ તો જ્ઞાતાદૃષ્ટા જાણવું–દેખવું હોય. જે શુભ કે અશુભભાવ—ભગવાનનું સ્મરણ કરવું, પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું તે પણ રાગ ને કષાય છે. રાગના બે પ્રકાર છે: માયા અને લોભ, દ્વેષના બે પ્રકાર છે: ક્રોધ ને માન. મોહના બે પ્રકાર છે: દર્શનમોહ અને ચારિત્રમોહ, પણ એ બધાને મોહ કહીને, પુણ્ય ને પાપના બધા ભાવને કષાયોનો સમૂહ કહીને ભાવકભાવ–ભાવક મોહકર્મનો ભાવ છે એમ કહ્યું. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૧૩માં એ જ કહ્યું છે કે भूयत्थेणाभिगदा—એક જીવદ્રવ્યને પોતાની મેળે નવતત્ત્વરૂપ થવાનું થતું નથી પણ કરાવવાવાળું અજીવ–કર્મ એમ લીધું છે. તે રૂપે થવાની યોગ્યતા પોતાની છે પણ કરાવવા-વાળામાં કર્મને ત્યાં લીધા છે. આસ્રવ્ય એટલે થવાવાળી પર્યાય અને આસ્રવક એટલે કર્મ, કર્મનો ભાવ તે આસ્રવક છે. નીકળી જાય છે એટલે તેને પોતાની વસ્તુમાં ગણી નથી. અહીં તો અવ્યક્ત દ્રવ્યસ્વભાવનું વર્ણન છે તેથી અવ્યક્ત દ્રવ્યસ્વભાવમાં તે યોગ્યતા પણ નથી એમ કહ્યું છે. કષાયની ભાવ્યતા અને કર્મ તે ભાવક એવા નિમિત્તનૈમિત્તિક–સંબંધને પણ અહીં લીધો નથી; પણ તેથી એમ ન સમજવું કે કર્મ વિકાર કરાવે છે. અહીં તો કર્મ અને કર્મના લક્ષે થતો વિકાર એ બધું વ્યક્ત કહેવામાં આવે છે અને ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે માટે અવ્યક્ત છે.

અવ્યક્ત એકરૂપ ચિદાનંદ ધ્રુવસ્વરૂપ પરમાનંદ ભગવાન આત્મા, તેને જાણ એમ અહીં કહે છે. પર્યાય જાણે છે પણ તે કોને જાણે છે?—કે પૂર્ણાનંદના નાથને જાણે છે. કષાયને જાણે છે એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો કષાયસંબંધી જે જ્ઞાન થાય છે તે પોતાના કારણથી—સ્વ-પર-પ્રકાશકની પોતાની શક્તિ છે તેનાથી થાય છે. દયાદાનના ભાવ, વ્રતના પરિણામ, પંચમહાવ્રત આસ્રવ છે, રાગ છે કષાય છે એમ અહીં કહે છે. આ સાંભળીને કેટલાક લોકો રાડારાડ કરી મૂકે છે—તો કહે છે કે ભાઈ! રાડ નાખો કે ન નાખો, માર્ગ તો આ જ છે, બીજું કોઈ શરણ છે જ નહીં. શરીર છૂટવાના ટાણે પ્રભુ! ચારેકોરથી રોગ ઘેરી લેશે, સોજા ચડશે, શ્વાસ લઈ શકાશે નહીં ત્યારે કોણ બહારમાં શરણ આપશે? અંદર ભગવાન આનંદસ્વરૂપ પડ્યો છે તેને ધ્યાનમાં લે; આ બહારમાં જે ક્રિયા છે તે બધી તારા જ્ઞાનની જ્ઞેય છે, તે તારી નથી, તારમાં નથી, તારાથી થઈ નથી.

કષાયોનો સમૂહ જે ભાવકભાવ તે વ્યક્ત છે, બાહ્ય છે, પ્રગટ છે, સ્થૂળ છે અને ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે, અભ્યંતર છે, સૂક્ષ્મ છે અને એ કારણે તેને અવ્યક્ત કહેવામાં આવ્યો છે.

# શુદ્ધાત્મ—અવલોકન — जाण अलिंगग्गहणम् ।

[ શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

*** પ્રવચન ચૌદમું ***

[ વીર સંવત ૨૫૦૪, માગશર સુદ ૧૦, મંગળવાર, તા. ૨૦–૧૨–૭૭ ]

શ્રી પ્રવચનસારશાસ્ત્રની ગાથા ૧૭૨માં અલિંગગ્રહણનો ૧૯મો બોલ ચાલે છે. તેમાં એમ કહે છે કે આત્મા છે તે દેહથી તો ભિન્ન છે, દેશથી પણ ભિન્ન છે, કર્મથી ભિન્ન છે અને અંદર પુણ્ય–પાપના વિકલ્પો–રાગ થાય તેનાથી પણ તે ભિન્ન છે; તેવી આત્મવસ્તુ પર્યાયને અડતી નથી. ભગવાન આત્મા સામાન્યપણે એકરૂપ ધ્રુવ વસ્તુ છે તે એને જાણનારી વર્તમાન પર્યાયને, એને માનનારી વર્તમાન પર્યાયને અડતી નથી. જ્ઞેયસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ છે તેને જ્ઞાન જાણે અને શ્રદ્ધાની પર્યાય પૂર્ણસ્વરૂપને શ્રદ્ધે છતાં તે જ્ઞાનની અને શ્રદ્ધાની પર્યાયને દ્રવ્ય અડતું નથી.

દૂધી, કારેલાં વગેરે શાક હોય અને છરી હોય, ત્યાં છરી શાકને અડતી જ નથી, છતાં શાકના કટકા થાય છે, કેમ કે છરી છે તે શાકને માટે પરદ્રવ્ય છે અને દૂધી, કારેલાં વગેરે શાક છરીને માટે પરદ્રવ્ય છે. તેથી શાક વગેરે પરદ્રવ્યને છરી અડતી જ નથી. આ વાત તો એક બાજુએ રહી પણ આ આત્મ ભગવાન જે અસ્તિ છે, ભગવાન અરૂપી આનંદઘન છે તે એને જાણનારી વર્તમાન પર્યાયને અડતો નથી. ભેદજ્ઞાનનો આ અલૌકિક માર્ગ છે પણ અત્યારે લોકોએ તેને પીંખી–પીંખી નાખ્યો છે; શું થાય ? અત્યારે જૈન નામ ધરાવનારાઓને પણ આની ખબર નથી. કોઈ પર પ્રાણીને હણવો નહિ એ અહિંસા છે, તે સિદ્ધાંતનો સાર છે—એમ કહે પણ તેમાં પોતે હણાઈ જાય છે તે વાત ક્યાંય આવતી નથી અહીં તો કહે છે કે પરને મારવામાં કે જીવાડવામાં એ અડતોય નથી. શરીર જીવથી છૂટું પડે એને મરણ કહે છે, પ્રાણનો વિયોગ થાય છે તેને મરણ કહે છે, અને પ્રાણની રક્ષા કરવી એનું નામ જીવની દયા કહે છે. પણ પરને અડી શકતો જ નથી તો એની રક્ષા કે મરણ કેવી રીતે કરે ? આ તો એક બાજુ રહ્યું પણ અંદરમાં પુણ્ય ને પાપના ભાવ થાય એ જીવતત્ત્વ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પુણ્યતત્ત્વ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, કમાવું, ધંધાના ભાવ એ બધાં પાપતત્ત્વ છે. નવતત્ત્વમાં આ પુણ્ય–પાપતત્ત્વથી આત્મતત્ત્વ જુદી વસ્તુ છે. એ તો જુદી જ છે, પણ વસ્તુ ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે તેની સન્મુખ થઈને, એનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શનની પર્યાયને આત્મતત્ત્વ અડતું નથી.

શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૩ માં કહ્યું છે કે આત્મા પોતાના ગુણોને, પોતાની પર્યાયને ચુંબે છે પણ કર્મને અને શરીરને આત્મા કદી અડયો નથી, ચુંબતો નથી–સ્પર્શતો નથી. કેમ કે અડે તો બે ચીજ એક થઈ જાય છે. અહીં ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એથી વધારે વાત કરે છે. લિંગ એવું જે નિર્મળ પરિણમન, ત્રિકાળી દ્રવ્યને જાણનારી, માનનારી પર્યાય તેને દ્રવ્ય અડતું નથી—સ્પર્શતું નથી, ચુંબતું નથી. લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ–વિશેષ તે જેને નથી—એ દ્રવ્યમાં નિર્મળ પર્યાય નથી. પર્યાય છે અને દ્રવ્ય પણ છે; બન્નેનું અસ્તિત્વ છે પણ જે અસ્તિત્વમાં દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા છે તે પર્યાયને અડયો નથી—સ્પર્શ્યો નથી, આત્મા અરૂપી ભગવાન છે તે રૂપી કર્મને અને શરીને કદી અડયો જ નથી, અજ્ઞાનભાવમાં પણ તે પરને કદી અડયો નથી; જ્ઞાનભાવમાં, વસ્તુ ભગવાન પૂર્ણ અતીન્દ્રિય અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદનો કંદ આત્મા છે એને જે જ્ઞાન પર્યાયે જાણી, એને જે પર્યાયે શ્રદ્ધી તે પર્યાયને તે દ્રવ્ય અડતું નથી.

અહીં તો ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ દિવ્યધ્વનિ દ્વારા ફરમાવે છે એનું આ પ્રવચનસાર છે; પ્ર = વિશેષ, વચન = ધ્વનિ, અવાજ, વિશેષ ધ્વનિ, દિવ્યધ્વનિ તેનો આ સાર છે. ભગવાન એકવાર તો આ સાંભળ !—એમ આત્માને ભગવાન કહીને ભગવાન તરીકે સંબોધે છે. તારો ભગવાન જેનું સ્વરૂપ શુદ્ધ ચિદ્દ્ઘન આનંદ દ્રવ્ય છે, વસ્તુ છે, મહાસત્તા છે; એની વર્તમાન એક સમયની પર્યાયની સત્તા, એને તે મહાસત્તા અડતી નથી. આવી વાતો ક્યાંય સાંભળવા ન મળે; અત્યારે તો વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, એવી જ વાત મળે છે; બાપુ ! મારગ બહુ જુદા છે, જન્મમરણના—પરિભ્રમણના આંટા ટાળવાનો રસ્તો કોઈક અલૌકિક છે. અહીં તો કહે છે કે જે પર્યાયે દ્રવ્ય તરફ ઢળીને દ્રવ્યની શ્રદ્ધા કરી, વસ્તુ જે ત્રિકાળી છે તેનો આશ્રય કરીને તેની સન્મુખ થઈને સમ્યગ્દર્શન કર્યું, એ સમ્યગ્દર્શન થયું તે પર્યાયને દ્રવ્ય અડતું નથી; કેમકે તે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. સમ્યગ્દર્શન એટલે વસ્તુ ત્રિકાળી ધ્રુવ આનંદનો નાથ પ્રભુ છે એની સન્મુખ થઈને જ્ઞાનના અનુભવમાં એની પ્રતીતિ કરવી—એનું નામ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીડી, મોક્ષમહેલની પહેલી સીડી. અનંતકાળમાં નહોતી થઈ એવી પ્રતીતિ કરી તે સમ્યગ્દર્શન.

આ જ્ઞેયઅધિકાર છે. જ્ઞાનની પર્યાયમાં આખું જ્ઞેયતત્ત્વ અનંતકાળમાં કદી આવ્યું નહોતું, જ્ઞાનમાં જણાયું ન હતું, તે અનંત ચૈતન્યરત્નનો દરિયો ભગવાન આત્મા એનું જેણે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન કર્યું, તે પર્યાયમાં એનું જ્ઞાન થયું પણ એ પર્યાયમાં એ જ્ઞેય આવ્યું નહિ. નિર્વિકલ્પ જ્ઞાન કર્યું, રાગના અભાવસ્વભાવરૂપે આખા ચૈતન્યતત્ત્વને જેણે સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં જાણ્યું, છતાં તે પર્યાયમાં તે દ્રવ્ય આવતું નથી. પર્યાય દ્રવ્યમાં આવતી નથી તે વાત હવે પછી લેશે.

છે

...ન અડતો

આ કઈ જાતનો ઉપદેશ! બીજે તો વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો એમ કહે છે. અરે ભગવાન! સાંભળને બાપુ! એ તો બધી વિકલ્પની–રાગની ક્રિયાની વાતો છે. અહીં તો પરમાત્માનું સ્વરૂપ જે અંદર અખંડ પૂર્ણ દ્રવ્ય વસ્તુ એને નિર્વિકલ્પપણે સ્વના આશ્રયથી જ્ઞાનની પર્યાયમાં તે જ્ઞેયવસ્તુને જાણે પણ એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય–દ્રવ્ય આવે નહિ. તેમ એ જ્ઞેય–દ્રવ્ય છે તે જ્ઞાનની પર્યાયને સ્પર્શે નહિ.

લિંગ એવું જે પર્યાય એવું ગ્રહણ એટલે અર્થાવબોધ. અહીં અર્થાવબોધ પદાર્થનો બોધ વિશેષ એક શબ્દ લીધો છે પણ આખા દ્રવ્યના અનંતગુણોની જે પર્યાય છે એવી જે પર્યાયવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે. ધર્મી એવો ભગવાન આત્મા એને પર્યાયમાં–ધર્મદશામાં પ્રગટ જાણ્યો; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ધર્મપર્યાય છે, એ નિર્વિકારી વીતરાગી પર્યાય છે, એ પર્યાયમાં દ્રવ્ય જણાણું, શ્રદ્ધાણું પણ એ ત્રણ પર્યાયને દ્રવ્ય અડતું નથી.

આહાહા! શું કહે છે આ! ઉથલપાથલની વાતો છે આ! ભગવાન ત્રિલોકનાથનો દિવ્યધ્વનિનો અવાજ છે આ. આમાં તો જેટલું નાંખે એટલું નીકળે એવી ચીજ છે આ. વીસ બોલ તો એવા અદ્ભુત છે!!! દિગમ્બર સંતોએ કેવળી ભગવાનના પેટ ખોલ્યા છે. આવી વાત બીજે ક્યાંય છે નહિ. દિગમ્બર સંતો અંતરના આનંદના અનુભવીઓ, આનંદના વેદનમાં પડ્યા છે, પોતાને વિકલ્પ ઊઠ્યો ને આ શાસ્ત્રો રચાઈ ગયા છે.

અર્થાવબોધ એટલે પદાર્થની વિશેષ દશા તે આત્મામાં નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત—એની દશાઓ નિર્મળ છે તેને આત્મા સ્પર્શતો નથી–આલિંગન કરતો નથી, એની પર્યાયને તે દ્રવ્ય અડતું નથી, તે પર્યાયને તે દ્રવ્ય ચુંબતું નથી—એવું શુદ્ધ દ્રવ્ય છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે.

**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૨૦.**

લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ; એટલે કે કાલ હતો તે આજ છે, આજ છે તે કાલ રહેશે એવો જે ભગવાન આત્મા જે કાલ હતો તે જ આજ છે. પ્રત્યભિજ્ઞાનનું કારણ એટલે છે તે છે, જે કાલ હતો તે અત્યારે છે. શ્રી ગોપાલદાસજી બરૈયાકૃત શ્રી જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આ પ્રત્યભિજ્ઞાનનો ખુલાસો આવે છે. અહીં તો અધ્યાત્મમાં પ્રત્યભિજ્ઞાન એટલે આ કાલ હતો તે આજે છે, અને આજે છે તે કાલ રહેશે, એમ અનંતકાળ રહેશે.

લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી. અર્થ એટલે પદાર્થ, સામાન્ય ત્રિકાળી દ્રવ્ય, ભગવાન ત્રિકાળી દ્રવ્ય તે જેને નથી. આ ભગવત કથા છે, આત્માના ભગવત્ સ્વરૂપની કથા છે. પ્રત્યભિજ્ઞાનનું કારણ એટલે આ હતો તે આ છે, કાલ હતો તે આ છે એવું જે ત્રિકાળી ધ્રુવ, ત્રિકાળી સામાન્ય, એક સમયની પર્યાય વિનાનું ત્રિકાળી સામાન્ય, એક સમયની વર્તમાન દશા વિનાનું ત્રિકાળી સામાન્ય એનું ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી— આત્મામાં તે દ્રવ્ય નથી તે અલિંગગ્રહણ છે. અહીં એમ કહેવું છે કે જે સામાન્ય ધ્રુવ છે એનું ભાન થયું—સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, શાંતિ-આનંદનું વેદન થયું, સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન થયું, સમ્યગ્દર્શન થતાં અનંત ગુણ અંશે-વ્યક્તપણે પ્રગટ થયાં, એવી સમ્યગ્દર્શનની પર્યાયમાં આનંદનું જે વેદન આવ્યું, એ આનંદનું વેદન આત્માને સ્પર્શતું નથી. પહેલા ૧૯મા બોલમાં એમ આવ્યું હતું કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, અહીં પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી એમ કહે છે.

શ્રી સમયસાર નાટકમાં આવે છે કે:—

घट घट अंतर जिन वसे, घट घट अंतर जैन ।
मत मदिराके पानसो, मतवाला समजे न ॥

ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ જિનસ્વરૂપે બિરાજે છે, શક્તિએ, સ્વભાવે જિનસ્વભાવે બિરાજે છે. જૈન કોઈ બહારની ક્રિયાકાંડમાં નથી. આહાહા! રાગની એકતા તોડી સ્વભાવની એકતા થવી ને આનંદનો અનુભવ થવો એનું નામ જૈન કહેવામાં આવે છે. અહીં કહે છે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે ત્રિકાળી દ્રવ્ય તે જેને નથી—વેદનમાં નથી, વેદનમાં તો પર્યાય છે આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય છે એની શ્રદ્ધા-જ્ઞાન ને વેદન થયું, તે પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી.

લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય એવું દ્રવ્ય તે જેને નથી. વેદનમાં દ્રવ્ય નથી આવતું પણ વેદનમાં તો પર્યાય આવે છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા, પ્રભુતા એવી અનંત ગુણની પ્રગટ વર્તમાન પર્યાય છે તે પર્યાય વેદનમાં આવે છે. વેદનમાં આવી તે પર્યાય તે આત્મા, તે પોતાની શુદ્ધ પર્યાયને વેદે છે પણ દ્રવ્યને અડતો નથી.

ત્રિકાળી ધ્રુવ સામાન્ય વસ્તુ, વર્તમાન પર્યાય સિવાયની જે વસ્તુ ધ્રુવ છે તે વેદનમાં આવતું નથી, વેદનમાં પર્યાય આવે છે. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર! એના કહેલા માર્ગને સંતો-દિગંબર મુનિઓ આડતિયા થઈને જગતને દેખાડે છે, એકવાર સાંભળ તો ખરો પ્રભુ! આ આત્મા છે તેમાં દ્રવ્ય અને પર્યાય એમ બે છે. દ્રવ્ય છે તે ત્રિકાળી છે અને પર્યાય છે તે વર્તમાન છે. એ આત્મા વર્તમાન પર્યાયને વેદે છે તે દ્રવ્યને અડતો

નથી. આ આત્મા છે તેમાં બે ભાગ છે, એક ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ ને એક વર્તમાન પર્યાય એ બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણુનો વિષય છે, આમાં પરની સાથે કાંઈ સંબંધ નથી, પર તો પરમાં છે. હવે જે ત્રિકાળી દ્રવ્ય-વસ્તુ છે એનું જે વેદન થયું, એને જાણતાં, શ્રદ્ધતા, ચારિત્ર આદિથી એમાં ઠરતાં વેદનમાં જે આનંદ આવ્યો, એ આનંદનું વેદન પર્યાયમાં છે, એ આનંદના વેદનમાં દ્રવ્ય આવતું નથી.

શાસ્ત્રનું ભણવું તે જ્ઞાન નથી, પણ ભગવાન ચૈતન્યમૂર્તિનો પ્રકાશ નિત્ય ધ્રુવ એનું જે અંતર્મુખ થઈને જ્ઞાન થાય તેને અહીં સમ્યગ્જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે, એ જ્ઞાનની પર્યાયમાં વેદન છે તે આનંદનું ને શાન્તિનું-પર્યાયનું-વેદન છે, તે પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. ધ્રુવ તે વેદનમાં આવતું નથી, પર્યાયનું વેદન તે દ્રવ્યને અડતું નથી. ૧૯મા બોલમાં એમ આવ્યું હતું કે દ્રવ્ય તે પર્યાયને અડતું નથી. અહીં તો કહે છે કે અતીન્દ્રિય આનંદનું વેદન છે એ પર્યાયમાં-વેદનમાં દ્રવ્ય આવતું નથી.

ભાઈ! સમજાય તેવું છે હો! ન સમજાય તેવું નથી. ભગવાનનો માર્ગ ન્યાયથી છે, ન્યાયમાં નિ ધાતુ છે નિ = નય = દોરી જવું. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને દોરી જવું તેનું નામ ન્યાય છે. ભગવાન ન્યાયથી એમ કહે છે કે જે પ્રભુ આત્મા છે એને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જાણ્યો અને શ્રદ્ધયો અને તેમાં જે અનંતગુણની વ્યક્ત અવસ્થા-પ્રગટ અવસ્થાનું વેદન થયું, એ વેદન તે જ આત્મા, એ વેદન દ્રવ્યને અડતું નથી માટે એ વેદન તે જ આત્મા.

ત્રિકાળી ગુણ ને ત્રિકાળી દ્રવ્ય, તેનો અનુભવ થતાં વેદનમાં આનંદ ને શાંતિનું વેદન આવે એ પર્યાયનું વેદન તે હું; કેમ કે ધ્રુવ છે તે વેદનમાં આવતું નથી. અનંત ગુણનો નાથ જિન સ્વરૂપે બિરાજમાન આત્મા છે, તેનું જિન સ્વરૂપે જ્ઞાન ને વેદન કર્યું, પર્યાયમાં અનંત આનંદ આવ્યો એ પર્યાય તે આત્મા છે એમ અહીં કહે છે. કેમ કે ધ્રુવ પર્યાયમાં આવતું નથી, ધ્રુવનું વેદન આવતું નથી.

પૂર્ણાનંદના નાથનું અવલંબન લઈને જેને ધર્મની વીતરાગી અવસ્થા પ્રગટી, એ પર્યાય દ્રવ્યને અડતી નથી. ૧૯માં બોલમાં એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને અડતું નથી અને અહીં કહે છે કે સમ્યક્દર્શનની દશા દ્રવ્યને અડતી નથી. એવી એ ભિન્ન ભિન્ન સત્તાનો સ્વીકાર કરવાનો છે. રાગના વેદનનો અહીં પ્રશ્ન નથી. ધર્મીને તો રાગ પર્યાયમાં પણ નથી, એને તો સમ્યક્દર્શનમાં શુદ્ધ ચૈતન્યનું વેદન છે. જિન સ્વરૂપ આત્માનું પર્યાયમાં વેદન છે, એ વેદનમાં વસ્તુ સામાન્ય નથી, એ પર્યાય દ્રવ્યને અડતી નથી, એ પર્યાયમાં દ્રવ્ય નથી. દ્રવ્યમાં પર્યાય નથી ને પર્યાયમાં દ્રવ્ય નથી.

વેદનમાં સામાન્ય નથી. વેદનની પર્યાય દ્રવ્યને અડતી નથી. આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગીત, ભગવાન આત્મા દ્રવ્યને નહિ સ્પર્શતો વેદનને સ્પર્શે છે. દ્રવ્ય છે તે પર્યાયમાં આવતું નથી. વેદનમાં દ્રવ્ય આવતું નથી માટે શુદ્ધ પર્યાય જે વેદન છે તે આત્મા છે એમ અહીં તો કહે છે. દ્રવ્યમાં વેદન નથી, દ્રવ્યનું વેદન નથી. વેદન તો પર્યાયનું છે. તેથી આનંદનું જે વેદન આવ્યું તે આત્મા છે. સમ્યગ્દર્શન થતાં આનંદનું જે વેદન આવ્યું, અનંત ગુણોની નિર્મળ દશા પ્રગટ થઈ તે દ્રવ્યને અડતી નથી.

આત્મા દ્રવ્યને નથી અડતો એવો શુદ્ધ પર્યાય છે. ત્રિકાળીના આશ્રયે જે શુદ્ધ પર્યાય પ્રગટી એ આત્મા છે, એવો શુદ્ધ પર્યાય તે આત્મા છે.—એમ અલિંગગ્રહણનાં ૨૦ બોલ કહ્યાં........ [ સંપૂર્ણ ]

*

[ વૈરાગ્ય ને પુરુષાર્થ........પાનું ૨ થી ચાલુ ]

જિન્હોંને, આત્માકૂં એકાગ્ર ધ્યાવૈ હૈં; ઐસે મુનિકૂં દેખકર રાજકુમાર ચિંતાવતા ભયા, અહો ધન્ય હૈં યે શાંતિભાવકે ધારક મહામુનિ જો સમસ્ત પરિગ્રહકૂં તજકર મોક્ષાભિલાષી હોય તપ કરે હૈં, ઈનકૂં નિર્વાણ નિકટ હૈં, નિજ કલ્યાણમેં લગી હૈ બુદ્ધિ જિનકી, પરજીવનિકૂં પીડા દેનેસે નિવૃત ભયા હૈ આત્મા જિનકા અર મુનિપદકી ક્રિયા કરિ મંડિત હૈ. જિનકે શત્રુ મિત્ર સમાન હૈ. તૃણ અર કંચન સમાન, પાષાણ અર રત્ન સમાન, માન ઔર મત્સરસે રહિત હૈ મન જિનકા વશ કરી હૈ પાંચો ઇન્દ્રિય જિન્હોંને નિશ્ચલ પર્વત સમાન વીતરાગ ભાવ હૈં, જિનકો દેખે જીવકા કલ્યાણ હોય યા મનુષ્યદેહકા ફલ ઈનહીને પાયા, યહ વિષય કષાયોંસે ન ઠગાએ, કૈસે હૈ વિષય ? મહા ક્રૂર હૈ અર મલિનતાકે કારણ હૈ. મૈં પાપી કર્મ-પાશ કરિ નિરંતર બંધા જૈસે ચંદનકા વૃક્ષ સર્પોસે વેષ્ટિત હોય હૈ. તૈસે મૈં પાપી અસાવધાનચિત્ત અચેતનસમાન હોય રહા, ધિક્કાર હૈ મુઝે જો મૈં ભોગાદિરૂપ મહા પર્વત ઉસકે શિખર પર નિદ્રા કરું હૂં. સો નીચે હી પડૂંગા, જો ઇસ યોગીન્દ્રકી સી અવસ્થા ધરૂં તો મેરા જન્મ કૃતાર્થ હોય ઐસા ચિંતવન કરતે વજ્રબાહુકી દૃષ્ટિ મુનિનાથમેં અત્યંત નિશ્ચય થઈ માનોં થંભસે બાંધી ગઈ.

તબ ઉસકા ઉદયસુન્દર સાલા ઉસકો નિશ્ચલ દૃષ્ટિ દેખ મુલકતા હુઆ યાહિ હાસ્યકે વચન કહતા ભયા કિ મુનિકી ઓર અત્યંત નિશ્ચલ હોય નિરખો હો સો કયા દિગમ્બરી દીક્ષા ધરોગે ? તબ વજ્રબાહુ બોલે જો હમારા ભાવ થા સો તુમને પ્રગટ કિયા. અબ તુમ ઇસહી ભાવકી વાર્તા કહો ! તબ વહ ઈસકો રાગી જાન હાસ્યરૂપ બોલા કિ તુમ દીક્ષા ધરોગે તો મૈં ભી ધરૂંગા. પરન્તુ ઈસ દીક્ષાસે તુમ અત્યંત ઉદાસ હોવોગે. તબ વજ્રબાહુ બોલે યહ તો ઐસે હી ભઈ. યહ કહકર વિવાહકે આભૂષણ ઉતાર ડારે ઔર હાથીસે ઉતરે. તબ મૃગનયની સ્ત્રી રોને લગી. સ્થૂલ મોતી સમાન અશ્રુપાત ડારતી ભઈ.

તબ ઉદયસુંદર આંસૂ ડારતા કહતા ભયા કિ હે દેવ! યહ હાસ્યમેં કહા વિપરિત કરો હો!

તબ વજ્રબાહુ અતિ મધુર વચનસૂં તાકો શાંતતા ઉપજાવતે કહતે ભયે—હે કલ્યાણરૂપ! તુમ સમાન ઉપકારી કૌન? મૈં કૂપમેં પડૂં થા સો તુમને રાખી, તુમ સમાન મેરા તીનલોકમેં મિત્ર નાહીં. હે ઉદયસુન્દર! જો જન્મ્યા હૈ સો અવશ્ય મરેગા ઔર જો મૂઆ હૈ સો અવશ્ય જન્મેગા. યે જન્મ ઔર મરણ અરહટકી ઘડી સમાન હૈ તિનમેં સંસારી જીવ નિરંતર ભ્રમે હૈ. યહ જીતવ્ય બિજલી કે ચમત્કાર સમાન હૈ તથા જલકી તરંગ સમાન તથા દુષ્ટ સર્પકી જિવ્હા સમાન ચંચલ હૈ. યહ જગતકે જીવ દુઃખ સાગર વિષે ડૂબ રહે હૈં. યહ સંસારકે ભોગ સ્વપ્નકે ભોગ સમાન અસાર હૈં, જલકે બુદબુદા સમાન કાયા હૈ. સાંઝકે રંગ સમાન યહ જગતકા સ્નેહ હૈ ઔર યહ યૌવન ફૂલ સમાન કુમલાય જાય હૈ. યહ તુમ્હારા હંસના ભી હમકો અમૃત સમાન કલ્યાણરૂપ ભયા. હાસ્યસે જો ઔષધિ પીયે તો કયા રોગકો ન હરે? અવશ્ય હરે હી. અર તુમ હમકો મોક્ષમાર્ગકે ઉદ્યમકે સહાઈ ભયે, તુમ સમાન હમારે ઔર હિતુ નાહીં. મૈં સંસારકે આચારવિષૈં આસક્ત હોય રહા થા સો વીતરાગ ભાવકો પ્રાપ્ત ભયા. અબ મૈં જિનદિક્ષા ધરૂં હૂં, તુમ્હારી જો ઈચ્છા હોય સો તુમ કરો.

ઐસા કહકર સર્વપરિવારસૂં ક્ષમા કરાય વહ ગુણસાગરનામા મુનિ, તપ હી હૈ ધન જિનકે તિનકે નિકટ જાય ચરણારવિંદકો નમસ્કાર કરિ વિનયવાન હોય કહતા ભયા કિ હે સ્વામી! તુમ્હારે પ્રસાદતૈં મેરા મન પવિત્ર ભયા, અબ મૈં સંસારરૂપ કીંચસે નિકસ્યા ચાહૂં હૂં. તબ ઈસકે વચન સુન ગુરુને આજ્ઞા દઈ કિ તુમકો ભવસાગરસે પાર કરણહારી યહ ભગવતી દીક્ષા હૈ. કૈસે હૈં ગુરુ? સપ્તમગુણસ્થાનસે છઠે ગુણસ્થાન આયે હૈં. યહ ગુરુકી આજ્ઞા ઉરમેં ધાર વસ્ત્રાવભૂષણ કા ત્યાગ કર પલ્લવ સમાન જે અપને કર તિનસેં કેશોંકા લૌંચકર પલ્યંકાસન ધરતા ભયા. ઈસ દેહકો વિનશ્વર જાન દેહસે સ્નેહ તજકર રાજ–પુત્રીકો ઔર રાગ અવસ્થાકો તજ મોક્ષકી દેનહારી જો જિનદીક્ષાકો અંગીકાર કરતા ભયા ઔર ઉદયસુન્દર આદિ છબ્બીસ રાજકુમાર ભી જિનદીક્ષા ધરતે ભયે. કૈસે હૈં વે કુમાર? કામદેવ સમાન હૈં રૂપ જિનકા, તજે હૈ રાગ, દ્વેષ, મદ, મત્સર જિન્હોંને, ઉપજ્યા હૈ વૈરાગ્યકા અનુરાગ જિનકે, પરમ ઉત્સાહકે ભરે નગ્ન મુદ્રા ધરતે ભયે. અર યહ વૃતાંત દેખ વજ્રબાહુકી સ્ત્રી મનોદયા પતિકે અર ભાઈ કે સ્નેહસોં મોહિત હુઈ મોહ તજ આર્યિકાકે વ્રત ધારતી ભઈ, સર્વ વસ્ત્રાભૂષણ તજકર એક સફેદ સાડી ધરતી ભઈ, મહા તપ આદરે.

યહ વજ્રબાહુકી કથા ઈસકા દાદા જો રાજા વિજય ઉસને સુની, સભાકે મધ્ય બૈઠયા થા સો શોકસે પીડિત હોય ઐસે કહતા ભયા—યહ આશ્ચર્ય દેખો કિ મેરા પોતા નવયૌવન વિષૈ વિષયકો વિષ સમાન જાન વિરક્ત હોય મુનિ ભયા ઔર મો સારિખા મૂર્ખ વિષયોંકા

લોલુપી વૃદ્ધ અવસ્થામેં ભી ભોગોંકો ન તજતા ભયા સો કુમારને કૈસે તજે? અથવા વહ મહાભાગ્ય જો ભોગોંકો તૃણવત્ તજકર મોક્ષકે નિમિત્ત શાંતભાવોમેં તિષ્ઠયા, મૈં મંદભાગ્ય જરાકર પીડિત હૂં સો ઇન પાપી વિષયોંને મોહિ ચિરકાલ ઠગ્યા. કૈસે હૈં યહ વિષય? દેખનેમેં તો અતિ સુન્દર હૈં પરન્તુ ફલ ઇનકે અતિ કટુક હૈં. મેરે ઇન્દ્ર-નીલ મણિ સમાન શ્યામ જો કેશોંકે સમૂહ થે સો અબ કફકી રાશિસમાન શ્વેત હો ગયે. જો યૌવન અવસ્થામેં મેરે નેત્ર શ્યામતા શ્વેતતા અરુણતા લીયે અતિ મનોહર થે સો અબ ઊંડે પડ ગયે. ઔર મેરા જો શરીર અતિ દૈદિપ્યમાન મહાબલવાન સ્વરૂપવાન થા સો વૃદ્ધ અવસ્થાવિષૈ વર્ષાસે હતા જો ચિત્રામ તા સમાન હોય ગયા. જે ધર્મ કામ તરુણ અવસ્થા વિષે ભલી ભાંતિ સધૈં હૈં સો જરાકર મંડિત જે પ્રાણી તિનસે સધના વિષમ હૈં. ધિક્કાર હૈ મો પાપી દુરાચારી પ્રમાદી કોં જો મૈં ચેતન થકા અચેતન દશા આદરી. જૂઠા ઘર જૂઠી માયા જૂઠી કાયા જૂઠે બાંધવ જૂઠા પરિવાર તિનકે સ્નેહ કરિ ભવસાગકે ભ્રમણમેં ભ્રમા. ઐસા કહકર સર્વ પરિવારસોં ક્ષમા કરાય છોટા પોતા જો પુરંદર ઉસે રાજ્ય દેય અપને પુત્ર સુરેન્દ્રમન્યુ સહિત રાજા વિજયને વૃદ્ધ અવસ્થામેં નિર્વાણ ઘોષ સ્વામી કે સમીપ જિનદિક્ષા આદરી. —શ્રી પદ્મપુરાણમાંથી * * *

---

## * ઉલ્લસિત વીર્યવાળો જીવ જ મુક્તિમાર્ગે પ્રયાણ કરે છે *

અહો! જે આત્મા છૂટકારાના માર્ગે ચડ્યો તેના પરિણામ ઉલ્લાસમય હોય છે ને તેને છૂટકારાના જ વિકલ્પો આવે છે. સ્વપ્ના પણ એના આવે. છૂટકારાના પ્રસંગ પ્રત્યે જ તેનું વલણ જાય, તેને નિમિત્તપણે પણ છૂટકારાના જ નિમિત્તો હોય, છૂટેલા દેવ, છૂટકારો પામતાં ગુરુ અને છૂટવાનું બતાવનારા શાસ્ત્રો–એવા છૂટકારાના નિમિત્તો પ્રત્યે જ તેના વિકલ્પો ઊઠે. તેમાંય છૂટકારાનું મૂળ સાધન તો નિજસ્વરૂપનું અવલંબન છે ને દેવ–ગુરુ–શાસ્ત્ર પણ એ જ કરવાનું બતાવે છે, એટલે તેને સ્વરૂપ સાધનની પ્રધાનતા છૂટતી નથી. છૂટકારો પામતાં જીવની આવી પરિણતી હોય છે, તેને છૂટકારાના માર્ગથી વિરુદ્ધ વિકલ્પો ઊઠતાં નથી.

અહો! ખેતરના કામના બંધનથી છૂટીને પોતાના ઘેર પાછી ફરતાં બળદ પણ ઉમંગભેર દોડતાં દોડતાં ઘેર આવે છે. દોરડાના બંધનથી છૂટવાનો પ્રસંગ આવતાં નાનું વાછરડું પણ હર્ષથી કુદાકુદ કરી મૂકે છે, તો પછી અનાદિના ભવબંધનથી છૂટકારાનો અપૂર્વ પ્રસંગ આવતાં કયા મોક્ષાર્થી જીવની પરિણતિ આનંદથી ઉલ્લસિત ન બને!! છૂટકારાનો માર્ગ સાધતાં જીવના પરિણામ જરૂર ઉલ્લાસરૂપ હોય છે અને ઉલ્લસિત વીર્યવાળો જીવ જ છૂટકારાનો માર્ગ પામે છે. *

દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ સાથે હોય ખરો, તોપણ

# એક માત્ર કર્તવ્ય : નિજ આત્મભક્તિ

શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી તા. ૧૯-૩-૬૬

આ ઇષ્ટોપદેશનો બીજો શ્લોક ચાલે છે. તેમાં મોક્ષપાહુડની ૨૪ મી ગાથાનો આધાર આપે છે કેઃ—

अइसोहण जोएणं सुद्धं हेमं हवइ जह तह य ।
कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि ॥ २४ ॥ (मोक्षपाहुडे)

જેમ સુવર્ણપાષાણ તેને શુદ્ધ કરવાની સામગ્રીના યોગથી તે શુદ્ધ સુવર્ણ થઈ જાય છે તેમ કાળાદિ લબ્ધિ—દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામગ્રીની પ્રાપ્તિથી આત્મા શુદ્ધ પરમાત્મા થઈ જાય છે. યોગ્ય ઉપાદાનના કારણ સંયોગથી—એમ ઇષ્ટોપદેશના ચાલતાં શ્લોકમાં પણ આવ્યું ને અહીં આધારના શ્લોકમાં પણ સામગ્રીના યોગથી એમ આવ્યું. સંયોગના ત્રણ પ્રકાર છે. આત્મામાં પરદ્રવ્યનો સંયોગ તેને પણ સંયોગ કહે છે. આત્મામાં થતાં પુણ્ય-પાપના ભાવને પણ સંયોગીભાવ કહેવામાં આવે છે તથા આત્માને શુદ્ધ સ્વરૂપની અંતર્મુખ દૃષ્ટિ કરતાં જે નિર્મળ પર્યાયનું પ્રગટપણું થાય છે તેને પણ સંયોગ કહેવાય છે. વસ્તુ નિર્મળ છે, તેની દૃષ્ટિ કરતાં તેની પર્યાયમાં જે નિર્મળતા પ્રાપ્તિ થઈ, નિર્મળ પર્યાયનો સંપર્ક થયો, નિર્મળ પર્યાયનો સંબંધ થયો તેને સંયોગ થયો એમ કહેવામાં આવે છે. વિકારી ભાવ એ સંયોગી ભાવ, તે બંધનું કારણ છે, પરદ્રવ્યરૂપ સંયોગ કાંઈ બંધનું કારણ નથી પણ તે બંધમાં નિમિત્ત છે અને નિર્મળ પર્યાયનો સંયોગ એ મોક્ષનું કારણ છે.

સુવર્ણ પોતે જ શુદ્ધપણાને પામે છે, અગ્નિ તો નિમિત્તમાત્ર છે. તેમ આત્મા પોતાની અંતર કાળલબ્ધિ—ભાવલબ્ધિ-પોતાની શુદ્ધ પર્યાયની સામગ્રી ને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નિમિત્ત સામગ્રીના કારણે આત્મા પોતે પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ કરતો થકો મુક્તિને પામે છે, પરમાત્મા થઈ જાય છે. સોનું વર્તમાન ક્ષણિક નિર્મળ શુદ્ધપણે પરિણમતું અગ્નિ આદિના નિમિત્તે સોનું પોતે જ સોળવલું શુદ્ધ થઈ જાય છે તેમ શુદ્ધ સ્વરૂપી ભગવાન આત્મા પોતાની નિર્મળ પર્યાયની સામગ્રીમાં બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુકૂળ નિમિત્તે પોતે શુદ્ધપણે પરિણમતો પરમાત્મા થઈ જાય છે. એક કારણ જ્યાં હોય ત્યાં બીજાં કારણ હોય જ છે, ન હોય તેમ બને નહીં.

પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને વીતરાગતાની પર્યાય પ્રગટ થઈ ત્યાં બીજા નિમિત્ત આદિના જે સાધન હોય તે હોય જ, ન હોય તેવું ન બને.

હવે આ કથનને સાંભળીને શિષ્ય પૂછે છે કે ભગવંત! જો આત્માની શુદ્ધ પર્યાય અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્તોની સામગ્રીથી આત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે તો વ્રત-સમિતિ આદિનું પાળવું નિષ્ફળ નિરર્થક થશે. જો એની મેળે પ્રાપ્ત થઈ જશે તો વ્રત-સમિતિ આદિનું પાલન શું કરવું? વ્રતાદિના પાલન વડે શરીરને કષ્ટ દેવાથી શું લાભ છે? તેને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે કે—

હે વત્સ! તેં જે આશંકા કરી છે તે ઠીક નથી. કહેવું એમ છે કે આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું પણ સ્વરૂપની શુદ્ધતાની ઉગ્રતા નથી ને ઉગ્રતા પ્રગટ કરવાનો જે પ્રયત્ન જોઈએ તે પણ નથી તેથી તેને અવ્રતના ત્યાગરૂપ વ્રતનો ભાવ હોય છે; એ શુભભાવના ફળમાં તેને સ્વર્ગાદિ મળે છે. આત્માનું ભાન છે ને પૂરણ શુદ્ધતાના પુરુષાર્થની વાર છે—તેના ભાવની યોગ્યતાને પણ વાર છે ને દ્રવ્ય-ક્ષેત્રાદિ નિમિત્તોની વાર છે—ત્યારે અવ્રતથી પાપ બાંધે ને વ્રતના ભાવ હોય તો સ્વર્ગમાં જાય, અને વ્રતના ભાવ હોય ત્યારે અંદર થોડી શુદ્ધિની વૃદ્ધિ પણ હોય છે. અવ્રતના કાળમાં સમ્યગ્દષ્ટિને અંદર જેટલી શુદ્ધિ છે તેના કરતાં વ્રતના પરિણામ વખતે અંદર શુદ્ધિની વૃદ્ધિ હોય છે. પરંતુ અહીં તે વાતની મુખ્યતા ન ગણતાં વ્રતનું ફળ સ્વર્ગાદિ હોય છે તે વાત અહીં કહેવામાં આવી છે. કહે છે કે ભાઈ, વ્રતાદિ નિરર્થક જશે એ વાત નથી. કારણ કે વ્રતાદિ પુણ્ય-બંધનું કારણ છે અને પૂર્વે બાંધેલા પાપનો એકદેશ ક્ષય થાય છે માટે અવ્રતના પરિણામ કરતાં વ્રત-સમિતિરૂપ શુભભાવનું સાર્થકપણું છે. વળી સમ્યગ્દષ્ટિને જે શુભભાવ થાય તે સ્વર્ગાદિ પદની પ્રાપ્તિમાં નિમિત્ત થાય છે માટે વ્રતાદિનું આચરણ સાર્થક છે—આ જ વાત સ્પષ્ટ કરવા આચાર્ય મહારાજ શ્લોક કહે છે—

"છાયા આતપ સ્થિત જો, જન પામે સુખ દુઃખ,
તેમ દેવપદ વ્રત થકી, અવ્રતે નારક દુઃખ." ૩.

શ્રી કુંદકુંદાચાર્યે પણ મોક્ષપાહુડના ૨૫ માં શ્લોકમાં આ કહ્યું છે. અશુભથી શુભની વિશેષતા વ્યવહારથી બતાવવાની આ વ્યાખ્યા છે. સંસારમાં વ્રત-તપાદિથી સ્વર્ગ થાય છે તેથી વ્રત-તપાદિ ભલા છે. પરંતુ અવ્રતાદિથી નરકાદિ ગતિ હોય છે તેથી અવ્રતાદિ શ્રેષ્ઠ નથી. વ્રતાદિથી સ્વર્ગ મળે છે તેથી તે નરકની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. અવ્રતાદિથી પ્રાણીઓને જે નરકના દુઃખ હોય છે તે ઇષ્ટ નથી.

વ્રતો દ્વારા દેવપદ પામવું સારૂં છે એટલે કે આત્માના ભાન પૂર્વક જો વ્રતાદિ

હોય તો તેને અંદર શુદ્ધિની વૃદ્ધિ પણ થઈ છે ને વ્રતાદિના પરિણામથી સ્વર્ગાદિ પણ મળે છે. પરંતુ અવ્રતો દ્વારા નરકપદ પામવું સારૂં નથી. આત્માના ભાન વિના એકલા વ્રત પાળે તેને તો પુણ્યનો બંધ થાય પણ તેના જન્મ-મરણ કાંઈ ટળે નહીં, તેને આત્માનો કાંઈ લાભ નથી.

જેમ એક માણસ છાંયડે બેઠો હોય ને બીજો તડકે બેઠો હોય તેમાં ફરક જોવામાં આવે છે. બે માણસ ગામ બહાર નીકળ્યા ને ત્રીજો માણસ હજી ગામમાં છે, તેની વાટ જોઈને બે માણસે બેસવું છે, એક જણ તડકે ઊભો રહે ને બીજો થોડે દૂર ચાલીને વડના છાંયડે ઊભો રહીને રાહ જોવે છે. તેમ આત્મામાં શુદ્ધોપયોગ થાય ત્યારે તેનો મુક્તિ થાય. પરંતુ શુદ્ધોપયોગની પ્રાપ્તિનો જ્યાં સુધી તેને કાળ ન આવે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ શુભભાવમાં હોય તો તેને સ્વર્ગની છાયામાં બેઠો કહેવામાં આવે છે, ને અશુભ-ભાવમાં હોય તો તે દુઃખના સ્થાનમાં ઊભેલો કહેવામાં આવે છે. તડકો ને છાંયાની જેમ અહીં અશુભ ને શુભનો ફેર બતાવવો છે, પણ મળવું છે તો ત્રીજાને—શુદ્ધોપયોગને મળવું છે. શુદ્ધ ઉપયોગ વિના ચારિત્ર ને શાંતિ આત્માને ત્રણ કાળમાં થતી નથી, પણ પાપ કરતાં પુણ્યના સ્થાનમાં વ્યવહારે આટલો ફેર પાડવાની વાત બતાવે છે. અશુભ ભાવ કરતાં શુભભાવમાં પુણ્યથી સ્વર્ગની બાહ્ય સગવડતા છે એટલો આંતરો વ્યવહારથી બતાવવો છે. બાકી સ્વર્ગમાં પણ દુઃખ છે, ત્યાં કાંઈ સુખ છે નહીં, પરંતુ બહારની સગવડતાની અપેક્ષાએ નરકના દુઃખ કરતાં વ્યવહારે સુખની વ્યાખ્યા કરી છે.

જ્યાં સુધી જીવને મુક્તિના કારણભૂત પોતાના શુદ્ધોપયોગની ઉગ્ર પ્રાપ્તિ ન થાય અને એ જાતના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના નિમિત્તો મળે નહીં ત્યાં સુધી વ્રતાદિનું આચરણ કરનારા સ્વર્ગાદિના સ્થાનોમાં આનંદથી રહે છે. સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં અશુભભાવમાં રહેવા કરતાં વ્રતાદિ શુભભાવ ઠીક છે એ વ્યાખ્યા કરી છે. વ્રતાદિ આવે ત્યારે આત્માનો પુરુષાર્થ વિશેષ હોય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનું વેદન છે પણ પાંચમા ગુણસ્થાનમાં જ્યારે વ્રતનો વિકલ્પ હોય ત્યારે ખરેખર તો શાંતિ ને આનંદ વધી ગયા છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ તેની શાંતિ વધુ છે. વ્રતાદિને ન પાળનાર અસંયમી પુરુષ દુઃખોને પામે છે તેથી વ્રતાદિ પાળવા નિરર્થક નથી પણ સાર્થક છે. માટે જ્યાં સુધી સિદ્ધપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિએ અશુભ છોડીને શુભમાં આવવું એટલી વાત છે.

ત્યારે શિષ્ય આશંકા કરે છે કે ઉપરનું કથન માની લેવામાં આવે તો ચિદ્રૂપ આત્માની ભક્તિ અયુક્ત ઠરશે. શુદ્ધ ચિદ્રૂપ ભગવાનની રુચિ ને રમણતા તો મફતમાં જશે, નિરર્થક થઈ જશે. બધા વ્રત જ પાળશે ને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ ને અનુભવ તો કરશે

નહીં. વ્રતાદિના ફળમાં સ્વર્ગના સુખ મળશે તો તેમાં જ રોકાઈ જશે. પછી શુદ્ધ ચિદ્રૂપ ભગવાનની ભક્તિ કરશે કોણ?—એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે.

આચાર્ય મહારાજ એ શંકાનું સમાધાન કરે છે કે વ્રતાદિની નિષ્ફળતા પણ નથી અને આત્માના અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન ને આનંદનો અનુભવ અયુક્ત નથી. ખરેખર તો એ જ યુક્ત છે, કરવા જેવું તો એ જ છે. અનંત અનંત શાંતરસનો કંદ પ્રભુ તેની એકાગ્રતા તે આત્મભક્તિ છે ને તે જ ખરેખર યુક્ત છે, કરવા યોગ્ય છે. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ એ વ્યવહારભક્તિ છે ને આત્મભક્તિ એ નિશ્ચયભક્તિ છે. સમ્યગ્દર્શન સહિત વ્રતાદિ હોય તેને અયુક્ત કહેવું પણ ઠીક નથી અને આત્મભક્તિને અયુક્ત બતાવવી ઠીક નથી. આ કથનને પુષ્ઠ કરવા આચાર્ય મહારાજ શ્લોક કહે છે:—

આત્મભાવથી મોક્ષ જ્યાં, ત્યાં સ્વર્ગ શું દૂર,
ભાર વહે જે કોશ બે, અર્ધ કોશ શું દૂર. ૪.

ભગવાન આત્મામાં લાગેલા પરિણામ ભવ્ય જીવને મોક્ષ પ્રદાન કરે છે, મોક્ષનું કારણ છે. જે વીતરાગી પરિણામ ભગવાન આત્માને મોક્ષ પ્રદાન કરવા સમર્થ છે તો એ વીતરાગી પરિણામવાળા જીવને માટે સ્વર્ગ કેટલું દૂર હોઈ શકે? તેને વચમાં સ્વર્ગ તો મળે જ. સો ખાંડી અનાજ થાય તો હારે સો ગાડા ખડ તો થાય જ. પુણ્ય તો ખડ છે, ઘાસ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતામાં મોક્ષ હોય ત્યાં વચ્ચે સ્વર્ગ તો આવે જ. એ પરિણામની ભૂમિકામાં એવો શુભ વિકલ્પ હોય જ છે, તેથી આત્મધ્યાન સાથે ઉપાર્જિત પુણ્યના ફળમાં વચ્ચે સ્વર્ગ તો આવે જ.

આવું જ કથન તત્વાનુશાસનની ગાથા ૧૯૬, ૧૯૭ માં પણ આવે છે. સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ એવો હોય છે કે તું આત્માનું શ્રદ્ધાન કર, ધ્યાન કર એનાથી મુક્તિ ને એનાથી સંવર-નિર્જરા થાય છે. ગુરુએ એમ કહ્યું કે તારો આત્મા અનંત શક્તિવાળો છે, તેનું તું ધ્યાન કર, એમાં સાવધાન થા, પુણ્ય-પાપના પરિણામની સાવધાની છોડી દે. સાચા ગુરુનો ઉપદેશ આવો જ હોય કે આત્મામાં સાવધાન થા. પુણ્ય-પાપના વિકલ્પ તો રાગ છે, તેની સાવધાની છોડીને અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે તેમાં દૃષ્ટિ લગાવ. સ્વભાવમાં સાવધાન થા. આવો ઉપદેશ પામીને સાવધાન થઈને જે પ્રાણીઓ અનંત અનંત શક્તિ સંપન્ન પ્રભુ આત્માને ધ્યાવે છે તેને ધ્યાન કરતાં કરતાં જો થોડો રાગ બાકી રહી જાય છે તો તેને ભક્તિ પ્રદાન કરે છે. ધ્યાન કરતાં કરતાં હું પૂરણ કરું એવો જે વિકલ્પ રહી ગયો, અપૂરણ ધ્યાન રહી ગયું, એ વિકલ્પના ફળમાં સ્વર્ગાદિ મળે છે.

ભગવાન આત્મા અરિહંત સ્વરૂપ છે, સિદ્ધ સ્વરૂપ છે એમ ચિંતવવામાં આવે તે

જીવ જો ચરમશરીરી હોય તો તેને મુક્તિ મળે છે અને અન્યને રાગ બાકી રહી જાય તેના ફળમાં સ્વર્ગાદિના ભોગો મળે છે. ભગવાન આત્મા અત્યારે શક્તિરૂપે અરિહંત છે. આત્મા અરિહંત થવાનો છે એ પર્યાય અંદર પડી છે. અરિહંત ને સિદ્ધની પર્યાય આત્મામાં અત્યારે પડી જ છે, પર્યાયરૂપે નહીં પણ શક્તિરૂપે પડી જ છે. વસ્તુમાં અરિહંતપદ ને સિદ્ધપદ આત્મામાં વર્તમાનમાં શક્તિરૂપે પડયું જ છે. કેમ કે દ્રવ્યથી તે સ્વપર્યાય કદી જુદી હોતી નથી ને દ્રવ્ય પણ કદી સ્વપર્યાયથી જુદું હોતું નથી—એ સિદ્ધાંત અનુસાર ભવ્ય જીવોને ભાવિ અરિહંતની પર્યાય દ્રવ્યરૂપે સદાય વિદ્યમાન છે. આત્મામાં અનંત સિદ્ધ પદ, અનંત કેવળજ્ઞાન પડયા છે. પરંતુ શરીરના રોગમાં, કાં તો પાપનાં પરિણામમાં ને કાં તો પુણ્યના પરિણામમાં રોકાઈ ગયો હોવાથી હું અંદર કોણ છું એની એને ખબર નથી.


જેને બહુ ભાર લઈને સો યોજન ચાલવાની શક્તિ છે તેને અડધું યોજન ચાલવામાં શું ? તેમ જેણે આત્માના પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે ને મોક્ષની તૈયારી છે તેને હવે સ્વર્ગ છેટું કેટલું ? એ તો વચ્ચે આવ્યા વિના રહે નહીં એનો પુરુષાર્થ સ્વભાવ ઉપર છે તેને થોડો રાગ બાકી રહી ગયો તે સ્વર્ગમાં જાય છે એની કાંઈ વિશેષતા નથી.—એમ આચાર્ય મહારાજે શિષ્યની આશંકાનું સમાધાન કર્યું. ( -ક્રમશઃ )

## વૈરાગ્યસમાચાર

નાગનેસવાળા ( હાલ મુંબઈ ) શ્રી શાંતિલાલ કસ્તૂરચંદ ઝોબાળિયા ( વર્ષ ૭૪ ) નું તા. ૭-૬-૮૧ 'શ્રુતપંચમી'ના દિને મુંબઈમાં દેહાવસાન થયું છે. પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે તેમને ખૂબ શ્રદ્ધા-ભક્તિ હતી. પૂજ્યશ્રીની અમૃતવાણીનો લાભ લેવા તેઓ અવારનવાર સોનગઢ આવીને રહેતા હતા. શ્રી વિશ્રાન્તિગૃહના બાંધકામમાં તેમણે તન-મન-ધનથી સારી સેવા આપી હતી. વિશ્રાન્તિગૃહના ઉદ્‌ઘાટનનું કામ પતાવીને મુંબઈ ગયા અને તુરત તેમની તબિયત લથડી. છેલ્લી ઘડી સુધી સૂધ સારી રહી હતી. 'હું પૂ૦ ગુરુદેવની સેવા કરવા જાઉં છું.'—એમ ઉત્સાહમાં હતા, મરણનો ભય ન હતો, અંત સમયે છેલ્લી પાંચ મિનિટ સુધી પરિણામમાં જાગૃતિ હતી.

* પોરબંદરનિવાસી શ્રી લખમણભાઈ ભાણજીભાઈ જૈન તા. ૨૯-૫-૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મ તથા પૂ. ગુરુદેવની મંગલ ઉપાસનાના પ્રતાપે શાશ્વત સુખનું ભાજન બનો એ જ શુભ સંવેદના.



# આગમ-મહાસાગરનાં -અણમૂલાં રત્નો

(૧) નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે. કર્મનો બંધ, ઉદય અને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ–જરા–મરણાદિના દુ:ખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, બાર અનુપ્રેક્ષા. ગાથા ૧૦–૧૧)

(૨) હિતરૂપ અને પ્રયોજનભૂત મીઠા વચનો જીવને સંસારિક આતાપ-જન્ય દુ:ખથી રહિત કરે છે. જલ, ચંદન, ચંદ્રમા, મોતીનો હાર તથા ચંદ્રકાંતમણિ અંતરંગ આતાપને દૂર કરીને જીવને વાસ્તવિક સુખ આપવા સમર્થ નથી. જલ ચંદનાદિકને લોકમાં આતાપહારી કહે છે પરંતુ સત્ય વચન જે આતાપ દૂર કરે છે તેવો આતાપ જલચંદનાદિ દૂર કરી શકતા નથી. (શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના. ગાથા. ૮૩૪)

(૩) દ્રવ્ય અને પર્યાયમાં ધર્મી–ધર્મની વિવક્ષાથી ભેદ કરવામાં આવે છે પરંતુ વસ્તુસ્વરૂપથી ભેદ કરવો શક્ય નથી.

દ્રવ્ય અને પર્યાયમાં ભેદ માને છે તેને કહે છે કે હે મૂઢ! જો તું દ્રવ્ય અને પર્યાયમાં ખરેખર ભેદ માને છે તો દ્રવ્ય અને પર્યાય બંનેની નિયમથી નિરપેક્ષ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અર્થાત દ્રવ્ય અને પર્યાય જુદી જુદી વસ્તુ ઠરે છે પણ તેમાં ધર્મ–ધર્મીપણું ઠરતું નથી.

(સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા. ૨૪૫–૨૪૬)

## ✲ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી ✲

૧૪૭૩ શ્રી ચુનીભાઈ હેમાણી કલકત્તા
૧૪૭૪ ,, આર. સી. સોગાની ,,
૧૪૭૫ ,, વેલજી મેપા રૂપા લંડન
૧૪૭૬ ,, હીરાબેન ગોવીંદલાલ કામદાર મુંબઈ
૧૪૭૭ ,, ત્રંબકલાલ છગનલાલ વોરા સુરેન્દ્રનગર
૧૪૭૮ શ્રીમતી ઉષાબેન ફુલચંદ શાહ નાઈરોબી
૧૪૭૯ શ્રી અનીલ આર. શાહ મુંબઈ
૧૪૮૦ ,, રૂપા મહેતા ,,
૧૪૮૧ ,, મધુભાઈ એન. પટેલ ,,
૧૪૮૨ ,, કિરણભાઈ જયંતીલાલ કામદાર જેતપુર
૧૪૮૩ ,, રમણીકલાલ રતીલાલ ડગલી મુંબઈ
૧૪૮૪ ,, સુશીલાબેન વીરચંદ શાહ ઇંદોર
૧૪૮૫ ,, મનુભાઈ આર. દોશી મહેસાણા
૧૪૮૬ ,, ભોગીલાલ માણેકચંદ વાઘાણી દામનગર
૧૪૮૭ ,, બીપીનચંદ નાથાલાલ શાહ કલોલ
૧૪૮૮ ,, શાંતીલાલ પ્રેમજી શાહ હૈદ્રાબાદ
૧૪૮૯ ,, સુમનલાલ મોહનલાલ જૈન અમદાવાદ
૧૪૯૦ ,, દક્ષાબેન શશીકાંત શાહ સુરેન્દ્રનગર
૧૪૯૧ ,, મણીલાલ જુઠાભાઈ દેસાઈ મુંબઈ
૧૪૯૨ ,, મનહરલાલ મોતીચંદ મહેતા વાંકાનેર
૧૪૯૩ ,, સુધીર એસ. ગાંધી દાહોદ
૧૪૯૪ ,, રતીલાલ નામચંદ મુળીવાળા જોરાવરનગર
૧૪૯૫ ,, કલ્યાણજી વેલજી નથુ મુંબઈ
૧૪૯૬ ,, એચ. એમ. માલદે લંડન
૧૪૯૭ ,, ભાનુબેન સી. શાહ ,,
૧૪૯૮ શ્રીમતી પ્રવીણા એલ. શાહ નોટીંગહામ
૧૪૯૯ શ્રી હીમાંસુ પારેખ એડવોકેટ રાજકોટ
૧૫૦૦ ,, નાનુભાઈ કોઠારી નાઈરોબી
૧૫૦૧ ,, સુલોચનાબેન ગેંદાલાલ કોઠારી દાહોદ
૧૫૦૨ ,, સુશીલાબેન વીરચંદ દોશી લંડન
૧૫૦૩ ,, હરખચંદ રાજપાલ શાહ નાઈરોબી
૧૫૦૪ ,, કેશવલાલ લાલજી સાવલા ,,
૧૫૦૫ ,, ચંદ્રમણીબેન ગુલાબચંદ ધનાણી ,,
૧૫૦૬ ,, રતીલાલ માણેકચંદ સંઘવી મોરબી
૧૫૦૭ ,, મહાચંદ જૈન ઉજરૂલ
૧૫૦૮ ,, અરૂણાબેન પી. શાહ સુરત
૧૫૦૯ ,, કંચનગવરી વલભદાસ દફતરી અમદાવાદ
૧૫૧૦ ,, મહેન્દ્રકુમાર ચત્રભુજ કોઠારી અમરાવતી
૧૫૧૧ ,, દેસાઈ ચીમનલાલ ગોરધનદાસ રાજકોટ
૧૫૧૨ ,, જયંત એસ. શાહ કલકત્તા
૧૫૧૩ ,, સૌ. સંતોષ જૈન ઇંદોર
૧૫૧૪ ,, જયંતીલાલ સોમચંદ શાહ ઉધના
૧૫૧૫ ,, ઇંદુલાલ રવજીભાઈ દોશી સુરેન્દ્રનગર
૧૫૧૬ ,, જગદીશ હરીલાલ બખાઈ મુંબઈ
૧૫૧૭ ,, કિરણ મનહરલાલ પારેખ સોનગઢ
૧૫૧૮ ,, અમુલખ લાલચંદભાઈ શેઠ જોરાવરનગર
૧૫૧૯ ,, એલ. એમ. શાહ લંડન
૧૫૨૦ ,, સુશીલકુમાર વ્રજલાલ અંબાવી મુંબઈ
૧૫૨૧ ,, ઉત્તમચંદ જસરાજભાઈ વડીયા

**આજીવન સભ્ય ફી રૂા ૧૦૧/=** [ ક્રમશઃ ]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૨૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]